dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue - 92 | AD - 2025, Paush Sud - 05 | Saturday, Dt.04-01-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00




## વડાપ્રધાને દિલ્હીમાં અનેક પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો

# દેશવાસીઓને પાકા મકાન મળે તે મારૂં સ્વપ્ન : મોદી



(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૩

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. ભાજપ અને આમ આદમી પાર્ટીએ એકબીજા સામે મોરચો ખોલ્યો છે. આ દરમિયાન પીએમ નરેન્દ્ર મોદીએ રામલીલા મેદાનમાં જનસભાને સંબોધિત કરી હતી. આ કાર્યક્રમ દરમિયાન પીએમ મોદીએ દિલ્હીમાં અનેક પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો અને આ દરમિયાન તેમણે અગાઉની સરકારો પર ખૂબ નિશાન સાધ્યું હતું. તમને જણાવી દઈએ કે આ સમયગાળા દરમિયાન પીએમ નરેન્દ્ર મોદીએ દિલ્હીની ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોને કાયમી મકાનો ભેટમાં આપ્યા હતા. તમને જણાવી દઈએ કે આ મકાનો 'જ્યાં ઝૂંપડપટ્ટી છે, ત્યાં ઘર છે' યોજના હેઠળ આપવામાં આવ્યા છે. પીએમ નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે આ વર્ષ વિશ્વમાં ભારતની આંતરરાષ્ટ્રીય છબીને વધુ મજબૂત કરવાનું વર્ષ હશે. આ વર્ષ ભારતને વિશ્વનું સૌથી મોટું મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાનું વર્ષ હશે. યુવાનો માટે નવા સ્ટાર્ટઅપ્સ અને આંત્રપ્રિન્યોરશિપમાં ઝડપથી આગળ વધવાનું આ વર્ષ હશે. આ વર્ષ કૃષિ ક્ષેત્રે નવા રેકોર્ડનું વર્ષ બની રહેશે. પીએમ મોદીએ કહ્યું કે આજે જે પ્રોજેક્ટનો શિલાન્યાસ કરવામાં આવ્યો તેમાં ગરીબો માટેના ઘર, સ્કૂલ અને કોલેજ સાથે સંબંધિત પ્રોજેક્ટ છે. ઝૂંપડપટ્ટીને બદલે કાયમી ઘર, ભાડાના મકાનને બદલે આપણું પોતાનું ઘર, આ એક નવી શરૂઆત છે. જેમને આ મકાનો મળ્યા છે, આ તેમના સ્વાભિમાનનું ઘર છે. આ સ્વાભિમાનનું ઘર છે. આ નવી આશાઓ અને નવા સપનાઓનું ઘર છે. હું આજે અહીં તમારા બધાની ખુશીમાં તમારી ઉજવણીનો ભાગ બનવા આવ્યો છું.

# બિહારમાં બીપીએસસીના વિદ્યાર્થીઓના સમર્થનમાં પ્રશાંત કિશોર ઉપવાસ પર ઉતર્યા



પટણા,તા.૩

બીપીએસસીની પરીક્ષાઓ રદ કરવા સહિતની ૫ માગણીઓ સાથે ઉપવાસ પર બેઠેલા જન સૂરજના વડા પ્રશાંત કિશોર શંકાના દાયરામાં આવ્યા છે. જ્યાં પીકે પર આંદોલનને હાઈજેક કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે, ત્યારે તેમના પર પોતાના જૂના નિવેદનો પર પાછા જવાનો પણ આરોપ લગાવવામાં આવી રહ્યો છે. પ્રશાંત કિશોર દરેક ઈન્ટરવ્યુમાં સમાજમાં થઈ રહેલી હિલચાલને ખોટી ગણાવતા રહ્યા છે. પીકેના કહેવા પ્રમાણે, આંદોલનથી સમાજમાં કોઈ પરિવર્તન નથી આવતું. ઉલટું અમુક લોકોને ચોક્કસ રાજકીય લાભ મળે છે. જ્યારે પ્રશાંત કિશોરે ૨૦૨૨માં જન સૂરજ અભિયાન શરૂ કર્યું ત્યારે તેમના પર અરવિંદ કેજરીવાલની જેમ આંદોલન કરીને રાજનીતિ કરવાનો આરોપ લાગ્યો હતો. આ પછી પીકેએ આંદોલનને લઈને દરેક ઈન્ટરવ્યુમાં પોતાનું નિવેદન આપવાનું શરૂ કર્યું. પીકેના કહેવા પ્રમાણે, તે કોઈપણ આંદોલનમાં માનતો નથી. આંદોલનથી સમાજમાં કોઈ પરિવર્તન નથી આવતું. જેના કારણે લોકોને છેતરાયાનો અહેસાસ થાય છે. આ સમયગાળા દરમિયાન પીકે જેપીથી લઈને અણ્ણા આંદોલન સુધીના ઉદાહરણો આપતા રહ્યા છે. આ જ કારણ છે કે પીકેએ દેશ અને બિહારમાં અગાઉ થયેલા અનેક મોટા આંદોલનો અને પ્રદર્શનોથી અંતર રાખ્યું હતું.


















બનાવટી લેટરકાંડમાં ફસાયેલ પાટીદાર દીકરીને સહકારી ક્ષેત્રમાં નોકરી આપવા પાટીદાર અગ્રણીઓની રજૂઆત બાદ

# અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં પીડિત પાટીદાર દીકરીને કાયમી નોકરી અપાશે

**દિલીપભાઈ સંઘાણીના પ્રસ્તાવને તમામ ડિરેક્ટરોએ વધાવ્યો**

અમરેલી, તા.૦૩

અમરેલીના ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાને બદનામ કરવા મામલે પત્ર વાયરલ કર્યા બાદ ભાજપના પૂર્વ હોદ્દેદાર મનિષ વઘાસીયા, પાયલ ગોટી સહિત ૪ ની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. કોંગ્રેસે આ મુદ્દો ઉછાળ્યા બાદ સમાજમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા હતા. ત્યારે પાટીદાર સમાજના આગેવાનો વસંતભાઈ મોવલીયા,




સુરેશભાઈ દેસાઈ, પ્રમુખ દિનેશભાઈ ભુવા, ભરતભાઈ કાનાબાર, શૈલેષભાઈ સંઘાણી, ચેરમેન પી.પી.સોજીત્રા સહિતના આગેવાનોએ દિલીપભાઈ સંઘાણીને મળી પીડિત દીકરીના ભવિષ્ય માટે સહકારી ક્ષેત્રમાં નોકરી આપવા માટે રજૂઆત કરી હતી.

સમાજના આગેવાનોની લાગણીને ધ્યાનમાં લઈ દિલીપભાઈ સંઘાણીએ અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની બોર્ડ મિટિંગમાં આ વિચાર રજૂ કર્યો હતો અને ઠરાવ કરવામાં આવ્યો છે. જેમાં જેલમાંથી મુકિત બાદ પીડિત દીકરી ઈચ્છે તો અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં કાયમી નોકરી કરી શકશે. દિલીપભાઈ સંઘાણીના વિચારને બેંકના તમામ ડિરેકટરોએ વધાવ્યો હતો.

# અમરેલી જિલ્લામાં રોડ-રસ્તાનાં અધુરા કામ તાત્કાલિક શરૂ કરાશે

અમરેલી, તા.૦૩

અમરેલી જિલ્લા માર્ગ અને મકાન (પંચાયત) દ્વારા વર્ષ:૨૦૨૨-૨૦૨૩માં મંજૂર કરવામાં આવેલા રિસર્ફેસના કામો પૈકી સાવરકુંડલા તાલુકાના ધાર-પિયાવા રોડના ડામર કામ ઈન્ફ્રા, અમદાવાદને આપવામાં આવ્યું હતું. ઈજારાદાર દ્વારા સી.સી. કામ પૂર્ણ કરવામાં આવ્યું હતું પરંતુ ડામરકામ શરુ ન કરવાના લીધે ઈજારાદારના કરારખતનો અંત લાવવામાં આવ્યો હતો. ઈજારાદાર દ્વારા અમરેલી જિલ્લા માર્ગ અને મકાન (પંચાયત)ને બાહેંધરી સ્વરુપે આ કામગીરીમાં વિલંબ થવાના કારણ જણાવવામાં આવ્યા હતા. ઈજારાદારે આગામી તા.૨૫ મે, ૨૦૨૫ સુધીમાં સદર રોડ તેમજ વિલંબથી ચાલતા અન્ય રોડની કામગીરી શરુ કરી તાત્કાલિક અસરથી પૂર્ણ કરવાની ખાતરી આપી છે.

# હડાળા રેન્જમાં વન વિભાગના કર્મચારીઓ યુનિફોર્મ વગર ફરજ બજાવતાં હોવાનો આક્ષેપ

**હડાળા રેન્જમાં ગેરકાયદે પાકા મકાન બની ગયાની ચર્ચા**

અમરેલી, તા.૦૩

ગીર પૂર્વ વન વિભાગની રેન્જમાં સામાન્ય નાગરિકોને મોબાઈલ લઈ જવાની મનાઈ વન વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. આ અંગે જાગૃત નાગરીકોએ આર.એફ.ઓ પાસે માંગણી કરતા તેઓએ પરીપત્ર આપવાની ના પાડી હતી. ધારીના જાગૃત પત્રકાર અરવિંદભાઈ દવે હડાળા રેન્જમાં જતા હતા ત્યારે ચેકપોસ્ટ ઉપર યુનિફોર્મ વગર ફરજ બજાવનાર કર્મચારીઓએ મોબાઈલ ન લઈ જવા કહેલ અને પછી આરએફઓ સાથે વાત કરતા તેમણે મોબાઈલ અને પત્રકારોને પણ અંદર જવાની ચોખ્ખી ના કહીને ઉડાઉ જવાબ આપેલ. અગાઉ આ આરએફઓએ ધારાસભ્યના ખાસ ટેકેદાર સાથે પણ જીભાજોડી કરીને ખોટી રીતે દંડ વસુલ કરેલ હોવાનું લોકોમાંથી જાણવા મળેલ છે. આ દરમિયાન એવું પણ ચર્ચાઈ રહ્યું છે કે હડાળામાં ૨૦૦થી વધુ નાગરિકોનો વસવાટ છે અને ત્યાં પાકા મકાન પણ નિયમ વિરુદ્ધ બની ગયા છે. આથી ડીસીએફ દ્વારા સમગ્ર બનાવ અને આરોપોની તપાસ કરવામાં આવે તેવી માંગ થઈ રહી છે.

# ગાવડકા પ્રાથમિક શાળાના ધો. ૩ અને ૮ના વિદ્યાર્થીઓએ પોસ્ટ ઓફિસની મુલાકાત લીધી

અમરેલી,તા.૦૩

ગાવડકા પ્રાથમિક શાળાના ધોરણ ૩ અને ૮ના વિદ્યાર્થીઓએ તા. ૩ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ ગાવડકા પોસ્ટ ઓફિસની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. શાળાના શિક્ષિકાઓ કોકિલાબેન કાનપરીયા અને નિહારિકાબેન પાઠકના માર્ગદર્શન હેઠળ આ



મુલાકાત યોજાઈ હતી. બ્રાન્ચ પોસ્ટમાસ્ટર કિશોરભાઈ મહેતાએ વિદ્યાર્થીઓને પોસ્ટ ઓફિસની વિવિધ સેવાઓથી માહિતગાર કર્યા હતા. બચત યોજના, સમૃધ્ધિ યોજના વગેરે યોજનાકીય માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. રજિસ્ટર પાર્સલ અને સ્પીડ પોસ્ટની સેવાઓથી પણ વિદ્યાર્થીઓને પરિચિત કરાવ્યા હતા. આ કાર્યક્રમમાં હસમુખભાઈ રાવલનો સહયોગ મળ્યો હતો.

# રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા જે.જે. વાળાને પીએસઆઈનું પ્રમોશન મળ્યું

રાજુલા, તા.૦૩

રાજુલા પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા જે.જે. વાળાને પી. એસ. આઈ.નું પ્રમોશન મળ્યું છે. પ્રમોશન સાથે તેમની રાજકોટ ગ્રામ્યમાં બદલી કરવામાં આવી છે. જે.જે. વાળાએ એ.એસ. આઈ. તરીકેની કામગીરી દરમ્યાન ચોરી, મારામારી, લૂંટ, હત્યા, પ્રોહિબિશન સહિત જેવા ગુનાઓના ભેદ ઉકેલ્યા છે. પી.એસ. આઈ. તરીકે પ્રમોશન મળતા


તસવીર : ગોપાલ રાઠોડ

અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા તેમનું સન્માન કરી શુભેચ્છાઓ આપવામાં આવી હતી.

# કરજાળા ગામે શેલ કાંઠાવાળા હનુમાનજીનું પ્રાચીન મંદિર આસ્થાનું અનોખું કેન્દ્ર બન્યું

સાવરકુંડલા, તા.૦૩

સાવરકુંડલા તાલુકાના કરજાળા ગામમાં આવેલું શેલ કાંઠાવાળા હનુમાનજીનું બસો વર્ષ જુનું પ્રાચીન મંદિર આસ્થાનું એક વિશિષ્ટ કેન્દ્ર બની રહ્યું છે. પ.પૂ. દાનબાપુ દ્વારા સ્થાપિત આ મંદિરે માત્ર સ્થાનિક નહિ પરંતુ અમદાવાદ, સુરત, મુંબઈ અને વડોદરા જેવા મહાનગરોમાંથી શ્રદ્ધાળુઓ અહીં મનોકામના લઈ પગપાળા ચાલીને દર્શન કરવા આવે



છે. મંદિરનાં વર્તમાન પૂજારી પ.પૂ. પરશોતમપરીના જણાવ્યા મુજબ ભકતોની મનોકામના પૂર્ણ થયા બાદ હનુમાનજીને મહાપ્રસાદ(થાળ) અર્પણ કરે છે.

# સા.કુંડલા માર્કેટયાર્ડમાં નવા ચણાની આવક: મુહૂર્તમાં સારા ભાવ બોલાતા ખેડૂતોમાં ખુશી

સાવરકુંડલા, તા.૦૩

સાવરકુંડલાના માર્કેટયાર્ડમાં આજે સિઝનના નવા ચણાની આવક થઈ હતી. હાડીડા ગામના ખેડૂત ભીમજીભાઈ કલ્યાણભાઈ ઘોડાદરા રામાણી ટ્રેડિંગના કમીશનમાં ચણા વેચવા માટે આવેલ. સિઝનના નવા ચણાની આવકનો આજે પ્રારંભ થતો હોવાથી ચેરમેન દિપકભાઈ માલાણીએ પૂજન કરીને ખેડૂતો અને વેપારીઓનું મોઢુ મીઠું કરાવીને હરરાજીની શરૂઆત કરી હતી. ચણા ખરીદનાર વેપારીઓ, યાર્ડના સેક્રેટરી જે.વી. માલાણી, સ્ટાફગણ અને ડિરેકટરોની



ઉપસ્થિતિમાં મુહૂર્તના ચણા ખરીદવા માટે બોલીઓ બોલાતા વેપારી- રૂદ્ર એન્ટરપ્રાઈઝ દ્વારા રૂ.૧૭૦૧/- ની ઉંચી બોલી બોલીને ચણાની ખરીદી કરેલ. મુહૂર્તમાં સારા ભાવ બોલાતા ખેડૂતોમાં ખુશી વ્યાપી હતી.

# સાવરકુંડલાની એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલમાં વાલી સંમેલન યોજાયું

સાવરકુંડલા, તા.૦૩

સાવરકુંડલા શહેરમાં આવેલ એસ.વી.દોશી ગર્લ્સ હાઈસ્કૂલ અને એ.કે.ઘેલાણી ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલમાં તારીખ ૨-૧-૨૫ ના રોજ વાલી સંમેલન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને વિદ્યાર્થિનીઓના ગીત દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ ધો.૧૦ અને



ધોરણ ૧૨ ના વિદ્યાર્થિની બહેનોને પરીક્ષાલક્ષી માર્ગદર્શન શાળાના શિક્ષક ભરતભાઈ બાવળીયા અને મેહુલભાઈ મહેતા દ્વારા આપવામાં આવ્યું હતું.
વિદ્યાર્થીઓને વિશેષ માર્ગદર્શન શાળાના આચાર્યા ઉષાબેન તેરૈયાએ પૂરું પાડેલ હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન હિતેશભાઈ ઢાપા તેમજ શાળાના આચાર્યા ઉષાબેન તેરૈયા, સુપરવાઈઝર નીતાબેન ત્રિવેદી તથા તમામ શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું.

# લીલીયાના ગોઢાવદરમાં ડીડીઓ દ્વારા આંગણવાડીનું લોકાર્પણ કરાયું

લીલીયા, તા.૦૩

લીલીયા તાલુકાના ગોઢાવદરમાં રૂ. ૧૨ લાખના ખર્ચે બનેલ આંગણવાડીનું આજે ડીડીઓ પરિમલ પંડ્યા દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત પંચાયત દફતર તપાસ કરવામાં આવેલ. આ તકે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ભીખાભાઈ ધોરાજીયા, વિપુલભાઈ


તસવીર : ભરત વિંઝુડા

દુધાત, મામલતદાર સાંગાણી, ટી.ડી.ઓ. આચાર્ય, ઉપસરપંચ વિપુલભાઈ ગજેરા, તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશભાઈ સાવજ, સીડીપીઓ મીનાક્ષીબેન, પ્રભાબેન, તાલુકા પ્રમુખ નાકરાણી, ગૌતમભાઈ વિછીયા, ભનુભાઈ ડાભી, ધનસુખભાઈ નારોલા, ભરતભાઈ નારોલા, વિજયભાઈ ગજેરા, ચાવડા, પત્રકાર ઈમરાન પઠાણ, ભરત વિંઝુડા, આંગણવાડી વર્કર બહેનો, સખી મંડળની બહેનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ | શ્રેષ્ઠ ગ્રાહક સેવા | ગુણવતાયુકત કામ | પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ

મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# જંત્રી મુદ્દે ક્રેડાયની મુખ્યમંત્રી સાથે બેઠક, અમરેલી બિલ્ડર એસોસિએશનની રજૂઆત





અમરેલી, તા.૦૩

અમદાવાદ ખાતે તા. ૩ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ગુજરાત ક્રેડાય દ્વારા આયોજિત બેઠકમાં અમરેલી બિલ્ડર્સ એસોસિએશને જંત્રી સંબંધિત વિવિધ મુદ્દાઓ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રજૂઆત કરી હતી. કાયદા મંત્રી હર્ષભાઈ સંઘવી અને અમદાવાદના મેયરની ઉપસ્થિતિમાં યોજાયેલ આ બેઠકમાં ક્રેડાયના પરેશભાઈ ગજેરા, અમિતભાઈ પટેલ અને દશરથભાઈ પટેલ સહિત રાજ્યભરના બિલ્ડર્સ એસોસિએશનના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અમરેલી બિલ્ડર્સ એસોસિયેશનના પ્રમુખ ચંદુભાઈ વોરા, દીપકભાઈ મહેતા, જયસુખભાઈ દેવાણી, સંજયભાઈ વાગડીયા અને હિંમતભાઈ સોળીયાએ અમરેલી જિલ્લામાં જંત્રીની વિસંગતતાઓને કારણે ઉદ્ભવતી મુશ્કેલીઓ અંગે મુખ્યમંત્રી સમક્ષ રૂબરૂ રજૂઆત કરી હતી. આ મુદ્દે તેમણે લેખિત રજૂઆત પણ કરી હતી.

# બાબરા તાલુકાના વાવડા ગામે કોળી સમાજની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ



બાબરા, તા.૦૩

બાબરા તાલુકાના વાવડા ગામમાં ગુરુવાર, તારીખ ૨ના રોજ રાત્રિ દરમિયાન સમસ્ત કોળી સમાજ દ્વારા એક મહત્વપૂર્ણ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સમાજના વિકાસ અને પ્રગતિ માટે અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. સમાજના આગેવાનો દ્વારા સમાજને વધુ સંગઠિત બનાવવા, વ્યસનમુક્તિની દિશામાં આગળ વધવા અને કુરિવાજોથી દૂર રહેવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. સાથે જ રાજકીય અને સામાજિક ક્ષેત્રે સક્રિય ભૂમિકા ભજવવા માટે પણ આહ્વાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં બાબરા તાલુકાના કોળી સમાજના મોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી નાગરિક સહકારી બેન્ક દ્વારા સભાસદના વારસદારને અકસ્માત મૃત્યુની સહાય ચૂકવાઈ

**વાઈસ ચેરમેન ભાવિનભાઈ જે. સોજીત્રા, તથા બેંકના ડિરેક્ટર પી. પી. સોજીત્રા દ્વારા ચેક અપાયો**



અમરેલી, તા.૦૩

અમરેલી નાગરિક સહકારી બેંકના મૃત્યુ પામેલ સભાસદોના વારસદારોને બેંકની અકસ્માત વિમા સહાય યોજના અંતર્ગત બેંક તરફથી રૂ. એક લાખની સહાય આપવાની યોજના અમલમાં છે. જે અન્વયે સ્વ. રાજેશભાઈ બાલુભાઈ જાદવના વારસદાર મયુરભાઈ રાજેશભાઈ જાદવને બેંકના ચેરમેન જયેશભાઈ એમ. નાકરાણી, વાઈસ ચેરમેન ભાવિનભાઈ જે. સોજીત્રા, મેનેજીંગ ડિરેકટર શૈલેષભાઈ બી. સંઘાણી તથા બેંકના ડિરેકટર પી. પી. સોજીત્રા દ્વારા ચેક આપવામાં આવેલ હતો. આ બેંકે સભાસદ પ્રત્યેની કુટુંબ ભાવના વ્યકત કરીને સભાસદો પ્રત્યેનું ઋણ અદા કરેલ છે એમ બેંકના મેનેજર દિલીપભાઈ ધોરાજીયાએ જણાવેલ છે.

# જાળીયા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ આકાશવાણી પર ગુંજાવ્યા બાલસૂર



અમરેલી, તા.૦૩

અમરેલી જિલ્લાની સ્માર્ટ શાળાઓ પૈકીની એક એવી શ્રી જાળીયા પ્રાથમિક શાળાના બાળકોએ તેમની કલા અને પ્રતિભાથી જિલ્લાનું નામ રોશન કર્યું છે. શાળાના પાંચ નાનકડા વિદ્યાર્થીઓએ આકાશવાણી રાજકોટના પ્રસિદ્ધ કાર્યક્રમ 'એનઘેન દીવાઘેન'માં બાલગીત અને લોકગીતની સુંદર પ્રસ્તુતિ કરી હતી. તા. ૧લી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સાંજે ૫.૧૫ કલાકે રાજકોટ રેડિયો પરથી પ્રસારિત થયેલા આ કાર્યક્રમમાં પાથર હિરવા રાજેશભાઈ, પાથર કાવ્યા રાજેશભાઈ, લક્કડ ખુશી હિતેશભાઈ, મેવાડા રાધિકા જસાભાઈ અને સોલંકી નયન કાંતિભાઈએ તેમની મધુર વાણીથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. શિક્ષણની સાથે સર્જનાત્મક પ્રવૃત્તિઓ અને કલા કૌશલ્યને પણ પ્રાધાન્ય આપતી આ શાળામાં શિક્ષકો બાળકોની સુષુપ્ત શક્તિઓને ઓળખી તેને નિખારવાનું કાર્ય કરે છે. આ કાર્યક્રમ માટે મદદનીશ શિક્ષક કાતરીયા પ્રફુલભાઈએ બાળકોને તાલીમ આપી હતી, જ્યારે આચાર્ય આશિષભાઈ મહેતાએ સમગ્ર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.


ફુલ ટાઈમ માટે ઓફિસ વર્ક માટે
લેડીઝની જરૂર છે.
વર્ક: ફાઈલિંગ તેમજ પરચુરણ વર્ક તેમજ કોમ્પ્યુટર ડેટા વર્ક
(કોમ્પ્યુટર અને અંગ્રેજીનું સામાન્ય જ્ઞાન હોવું જરૂરી)
લાયકાત: ધો. ૧૦ પાસ કે તેનાથી વધારે
રિઝ્યુમ સાથે સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ દરમિયાન રૂબરૂ મળો...
શ્રી સારથી નાગરિક શરાફી સહકારી મંડળી લી. અમરેલી.
દુ.નં.૧૦૬,૧૦૭, પહેલો માળ, હીરકબાગ શોપિંગ સેન્ટર, ભીડભંજન ચોક, અમરેલી. Mo. 99095 23338 | 98790 23338


# અવસાન નોંધ

**બગસરા**

જુની ધારી નિવાસી સ્વ. સાકરબેન બાબુભાઈ વૈષ્ણવ (ઉ.વ.૧૦૨)નું તા. ૦૨/૦૧/૨૫ના રોજ અવસાન થયેલ છે. તે રમેશભાઈ, વજુભાઈ, અનુભાઈ, બટુકભાઈ અને બાઘાભાઈના માતૃશ્રી થાય છે.

**રાજકોટ**

દશા સોરઠીયા વણિક અશ્વિનભાઈ શાંતિલાલ ગોરસીયા (એ.જે. બુક સ્ટોરવાળા)નું તા.૦૨/૦૧/૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે. તે સ્વ.ઈલાબેનના પતિ, સ્વ. તુષારના પિતા, યશના તથા દીવાના દાદા, જાનકીબેનના સસરા, તથા ચંદ્રકાંતભાઈ જમનાદાસ દવે (વડોદરા) ના વેવાઈ થાય છે. તેમની સદ્ગતની પ્રાર્થના સભા તા.૦૪/૦૧/૨૦૨૫ના રોજ સાંજના ૪:૩૦ થી ૫:૩૦ દરમ્યાન ધારેશ્વર મહાદેવ મંદિર ભક્તિનગર સર્કલ રાજકોટ ખાતે રાખેલ છે.

**થોરડી**

થોરડી ગામના મર્હુમ દોલુભાઇ કાસમભાઇ મકવાણાનું તા.૩/૧/૨૦૨૫ નાં રોજ અલ્લાહ ની રહેમતમા પહોંચી ગયેલ છે. તેઓ મુન્નાભાઇ તથા સલીમભાઈ નાં વાલીદ થાય હૂસેનભાઇ રાજુલા વાળા તેમજ અબ્દુલભાઇ નાં મોટા ભાઈ થાય હારૂનરશીદભાઇ એસ ટી ડ્રાઈવર તેમજ મેહબૂબભાઇ મકવાણા નાં કાકા થાય છે. મર્હુમની જીયારત તા.-૫/૧/૨૦૨૫ ને રવિવારના રોજ સવારે ૧૦ દસ કલાકે ગામ થોરડી તા.સાવરકુડલા મુકામે રાખેલ છે.


અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટ્રુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એક્સટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ: 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.



ડાઈનિંગ ટેબલ, સોફા સેટ અને પીવીસી ફર્નિચરની વિશાળ રેન્જ હવે આપણા અમરેલીમાં એ પણ તદ્દન વ્યાજબી ભાવમા એકમાત્ર સ્થળે
શ્રી હરી પીવીસી ફર્નિચર
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, બિનહરીફ દાબેલીની બાજુમા, અમરેલી
સંપર્ક: 9925084788 8200268079


## મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૯૨/૨૦૨૪ તા.૩૧/૧૨/૨૦૨૪

વિવાદી :- શ્રી રમેશભાઈ બાબુભાઈ સાચાણી
રહે.નાના રાજકોટ, તા.લાઠી જી.અમરેલી મો.૯૭૨૪૩૬૦૫૮૨
C/O એચ.કે.પઢારીયા, મું.લાઠી મો.૯૮૨૪૨૬૯૯૫૧

વિરૂધ્ધ

પ્રતિવિવાદી:- જન્મ -મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
મુ.નાના રાજકોટ, તા.લાઠી, જિ.અમરેલી

**જાહેર નોટીસ**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.નાના રાજકોટ ગામના રહીશ આ કામના અરજદારશ્રી રમેશભાઈ બાબુભાઈ સાચાણીનો જન્મ તા.૧૯/૦૫/૧૯૭૧ ના રોજ નાના રાજકોટ તા. લાઠી, જિ. અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૬/૧૨/૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૫/૨/૨૦૨૫ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી


શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલકસ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી



નિત્યા સ્કીન ક્લિનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# બગસરામાં સારા રસ્તાને તોડવામાં આવતા લોકો અને ચેમ્બરમાં નારાજગી વ્યાપી

બગસરા, તા.૦૩


તસવીર : હાર્દિબ બામટા

બગસરા નગરપાલિકાના રોજેરોજ નવા વિવાદના કારણે લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. હજુ ત્રણ દિવસ પહેલા જ પાલિકાએ વેરો વધારતા લોકોએ સમસ્ત ગામને સજ્જડ બંધ રાખીને વિરોધ નોંધાવ્યો હતો. આજે પાલિકા દ્વારા ફરીથી નવો વિવાદ ઊભો થયો છે. પાલિકા દ્વારા શહેરમાં સારા રસ્તાને તોડીને નવા બનાવવામાં આવી રહ્યા છે. લોકોનો આક્ષેપ છે કે, નવા રસ્તા બનાવવા કોટ્રાક્ટર અને સત્તાધીશોની મિલીભગતથી લાખો રૂપિયાની ગ્રાન્ટના નામે આવેલ રૂપિયાનો ભ્રષ્ટાચાર થઈ રહ્યો હોય તેવું લાગે છે. શહેરના અનેક રસ્તા હાલમાં બિસ્માર હાલતમાં થઈ ગયા છે તેને તોડીને નવા બનાવતા નથી. આજે શહેરની પોસ્ટ ઓફિસ પાસેનો રસ્તો તોડી નાખવામાં આવતા આ વિસ્તારના રહીશો રોષે ભરાયા હતા અને તોડવાની કામગીરીને અટકાવી હતી. જયારે વિવેકાનંદ સોસાયટીમાં પણ સારા રસ્તા તોડી નાખતા ચેમ્બર ઓફ કોમર્સે મેદાને આવીને તે કામગીરીને અટકાવી હતી. જયારે શહેરનો ટ્રાવેલ્સ રોડ અને શાક માર્કેટ પાસેનો રોડ એક વર્ષથી બિસ્માર હાલતમાં થઈ ગયો છે, અને તે અંગે સત્તાધીશોને અનેકવાર રજૂઆત કરી હોવા છતાં ત્યાં નવો રસ્તો બનાવાતો નથી.

# સાવરકુંડલાના વણોટ ગામે ૬૮ લાભાર્થીઓને પ્લોટની સનદનું ધારાસભ્ય કસવાલાના હસ્તે વિતરણ

સાવરકુંડલા, તા.૦૩



સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ ભોંકરવા, ડેડકડી અને મેરીયાણામાં કુલ રૂ. ૫૧ લાખના ખર્ચે નિર્મિત ગ્રામ સચિવાલયનું આજે લોકાર્પણ કર્યું હતું. આ ઉપરાંત વણોટ ગામે ૬૮ લાભાર્થીઓને જાહેર હરાજીથી આપેલા પ્લોટની સનદનું વિતરણ કર્યું હતું. આ તમામ વિકાસશીલ કામોમાં જિલ્લા પંચાયત સદસ્ય પુનાભાઈ ગજેરા, તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, તાલુકા સરપંચ એસોસિએશનના પ્રમુખ હિતેશભાઈ ખાત્રાણી, તાલુકા પંચાયત સદસ્યો- દિનેશભાઈ કાછડ, પ્રફુલભાઈ વેકરીયા, ભાજપ આગેવાન જયસુખભાઈ સાવલિયા, હરેશભાઈ ભુવા, સુરેશભાઈ સાવલિયા, ધીરુભાઈ બાંભણિયા, નરેશભાઈ કાતરીયા, ભોંકરવાના સરપંચ વાસુરભાઈ મોરી, ડેડકડીના સરપંચ નિલેશભાઈ ઘેવરીયા, વણોટના સરપંચ જીગ્નેશભાઈ કાછડ, તાલુકા વિકાસ અધિકારી જીગ્નેશભાઈ વાઘાણી, તલાટી કમ મંત્રીઓ અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# કુંકાવાવ તાલુકાના ઈશ્વરીયા ગામે કુટુંબીજનો બાખડ્યાં

વડીયા, તા.૦૩

કુંકાવાવ તાલુકાના ઈશ્વરીયા ગામે કુટુંબીજનોમાં માથાકૂટ થતાં મામલો પોલીસ મથક સુધી પહોંચ્યા હતો. બનાવ અંગે હસમુખભાઈ મધુભાઈ ગજેરા (ઉ.વ.૪૩) એ ભરતભાઈ દામજીભાઈ ગજેરા, રામભાઈ લાધાભાઈ ગજેરા, અશોકભાઈ લાધાભાઈ ગજેરા તથા વિજયભાઈ બાબુભાઈ ગજેરા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પાનના ગલ્લે બેઠા હતા તે વખતે સામાવાળાએ તેની પાસે આવી કાઠલો પકડી તું ગામમાં કેમ તલવાર લઈને નીકળે છો તેમ કહી જેમ ફાવે તેમ ઢીકાપાટું વડે મુઢમાર માર્યો હતો. તેમજ જેમ ફાવે તેમ ગાળો આપી હતી. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.પી. ધાંધલા વધુ તપાસ કરી રહ્યા છે.

# વડીયાના જીથુડી ગામના ખેડૂતને વ્યાજે પૈસા લેવાનું ભારે પડ્યું

**વ્યાજખોરે ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી**

વડીયા, તા.૩

વડીયાના જીથુડી ગામે રહેતા એક પુરુષને વ્યાજે રૂપિયા લેવાનું ભારે પડ્યું હતું. મૂળ રકમ કરતાં વધુ વ્યાજ ચૂકવ્યું હોવા છતાં પઠાણી ઉઘરાણી કરીને ગાળો બોલી, જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે પ્રકાશભાઈ ઘુસાભાઈ વઘાસીયા (ઉ.વ.૫૦)એ દેવગામના રણજીતભાઈ ભુપતભાઈ વાળા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી નાણા ધીરધારનું રજીસ્ટ્રેશન ધરાવતો નહતો. તેમની દીકરીની ડીલીવરી બાબતે રૂપિયાની જરૂરીયાત પડતા રૂ.૮૦,૦૦૦ માસિક ૧૧ ટકા લેખે ઉંચા વ્યાજે લીધા હતા. તેમણે આરોપીને નિયમિત માસિક રૂ.૯૦૦૦ ઉંચા વ્યાજે કુલ-૧૩ માસ સુધી કુલ રૂ.૧,૧૭,૦૦૦ રોકડ તથા ગુગલ પેથી ચુકવી અને મૂળ રકમ રૂ.૮૦,૦૦૦ ની ચૂકવણી કરી હતી. આ રીતે આરોપીને કુલ રૂ.૧,૯૭,૦૦૦ રોકડ તથા ગુગલ પેથી ચૂકવ્યા હતા. તેમ છતાં રૂ.૧,૦૦,૦૦૦ રકમની અવારનવાર ઉઘરાણી કરતા તેમણે પૈસા આપવાની ના પાડી હતી. જેથી તેમને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.પી. ધાંધલા વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરામાંથી ચાઈનીઝ દોરી સાથે બે યુવક ઝડપાયા

બાબરા, તા.૦૩

ઉત્તરાયણને લઈ ચાઈનીઝ દોરીના વેચાણ પર પ્રતિબંધ મૂકતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. તેમ છતાં અમરેલી જિલ્લામાં ચાઈનીઝ દોરીનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે. બાબરા બસ સ્ટેન્ડ પાસેથી હાર્દિકભાઈ જનકભાઈ પરમાર તથા તુષારભાઈ રસીકભાઈ કાલરીયા તેમના કબજામાંથી પ્રતિબંધિત ચાઈનીઝ બનાવટની ચાર ફીરકી સાથે ઝડપાયા હતા. પોલીસે ૧૪૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર. બી. વાઘેલા વધુ તપાસ કરી રહ્યા છે.

**એકનું કૂવામાં પડી જવાથી મોત**

# રાજુલામાં પતંગ ચગાવતી વખતે અગાશી પરથી પડતાં મોત નિપજ્યું

અમરેલી, તા.૦૩

અમરેલી જિલ્લામાં પતંગ ચગાવતી વખતે પડી જતાં સર્જાયેલી બે દુર્ઘટનામાં બે લોકોના મોત થયા હતા. મૂળ મધ્યપ્રદેશના અને હાલ બાબરાના રાયપર ગામે વાડીએ રહેતા ભરતબાઈ રમેશભાઈ ભીલાળા (ઉ.વ.૩૮)એ જાહેર કર્યા મુજબ, તેમની ૧૨ વર્ષીય પુત્રી પતંગ ચગાવતી વખતે ભાગવી રાખેલી વાડીએ અકસ્માતે કૂવામાં પડી જતાં ડૂબી જવાથી મરણ પામી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી. પી. ડેર વધુ તપાસ કરી રહ્યા છે. મૂળ બિહારના અને હાલ રાજુલામાં રહેતા સુકેશ્વર બેલા માજી (ઉ.વ.૨૩)એ જાહેર કર્યા મુજબ, રંજન સંજયભાઈ માજી અગાશી ઉપર પતંગ ચગાવતી વખતે નીચે પડી જતાં ઈજા થવાના કારણે મરણ પામ્યા હતા. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એન. બી. સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના વડ ગામેથી દેશી દારૂ બનાવવાનો ૧૬૦૦ લીટર આથો ઝડપાયો

**પોલીસે બંને સ્થળેથી મળી કુલ ૪૨,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો**

રાજુલા, તા.૦૩

રાજુલાના વડ ગામેથી પોલીસે બે જગ્યાએથી દેશી દારૂ બનાવવાનો ૧૬૦૦ લીટર આથો ઝડપી પાડ્યો હતો. અજયભાઈ કનુભાઈ ધાખડાની વાડીએથી ૧૦૦૦ લીટર તથા રાજદીપભાઈ ગભરૂભાઈ ધાખડાની વાડીએથી ૬૦૦ લીટર મળી કુલ ૧૬૦૦ લીટર દેશી દારૂ બનાવવાનો આથો ઝડપાયો હતો. પોલીસે બંને સ્થળેથી મળી કુલ ૪૨,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જિલ્લામાં ત્રણ મહિલા સહિત પાંચ લોકો પાસેથી ૪૦ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. આ સિવાય ૭ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# અમરેલીમાં પતિ સાથે બોલાચાલીનો અફસોસ થતાં પત્નીએ એસિડ પીધું

અમરેલી, તા.૦૩

અમરેલીમાં રહેતી એક પરિણીતાને તેના પતિ સાથે નાની નાની વાતોમાં બોલાચાલી થતી હતી. આ વાતનો મનોમન અફસોસ થતાં વિચારતા હતા. જેથી મનોમન લાગી આવતાં ઘરમાં પડેલી એસિડની બોટલમાંથી થોડું એસિડ પી લીધું હતું. અમરેલી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના ખડકાળા ગામે બહેનો વચ્ચે બોલાચાલી બાદ ગળાફાંસો ખાધો

સાવરકુંડલા, તા.૦૩

સાવરકુંડલાના ખડકાળા ગામે બે બહેનો વચ્ચે બોલાચાલી થઈ હતી. જે બાદ એક બહેનને લાગી આવતાં ગળાફાંસો ખાધો હતો. ભરતભાઈ અંજુભાઈ ચુડાસમા (ઉ.વ.૪૦)ની પુત્રી આશાને તેની બહેન સાથે બોલાચાલી થઈ હતી. જેથી લાગી આવતાં બાથરૂમમાં ચુંદડી વડે ગળાફાંસો ખાઈ લેતા મરણ પામી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એચ.પી. વેગડા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિઃ પંચમી
તા. ૦૪-૦૧-૨૦૨૫, શનિવાર, સૂર્યોદય-૦૭:૧૩,
સૂર્યાસ્ત-૦૫:૩૫, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ વિશાખા

## દૈનિક રાશિફળ

તા.૦૪-૦૧-૨૦૨૫ શનિવાર

- મેષઃ આજનો દિવસ તમારા માટે સારા પરિણામનો છે. તમે પૈસા કમાવાની ઘણી રીતો જોશો. કોઈપણ સ્પર્ધામાં વિજય મળશે.
- વૃષભઃ આજનો દિવસ તમને ઉર્જા આપશે અને તમારામાં ઘણી શક્તિ અને ઉત્સાહ રહેશે. આજે ઘણું કામ સંભાળવાની તૈયારી છે.
- મિથુનઃ આજે તમારા માટે ઉતાર-ચઢાવનો દિવસ રહેશે અને તમારે મહેનતથી કામ કરવાની જરૂર છે.
- કર્કઃ આજનો દિવસ તમારા માટે થોડો નિરાશાજનક બની શકે છે. તમે ઇચ્છતા ના હોવ ત્યારે પણ ઘણી વાર તમે તે તબક્કામાં ફસાઈ જાવ છો જ્યાં ખૂબ લડવું પડે છે.
- સિંહઃ આજનો દિવસ તમારા માટે સારો છે. અચાનક કેટલાંક જટિલ કાર્ય પૂરા થશે.
- કન્યાઃ આજનો દિવસ અન્ય દિવસો કરતા થોડો સખત રહેશે અને આજે સવારથી જ કંઇક વિચિત્ર વાતાવરણ તમારી આસપાસ રહેશે.
- તુલાઃ આજનો દિવસ તમારા ધંધા માટે હળવાશનો રહેશે. આજે શેર બજાર અથવા સટ્ટામાં રોકાણ કરશો નહીં. તમને ભારે નુકસાન થઈ શકે છે.
- વૃશ્ચિકઃ તમારા માટે આજનો દિવસ ખાસ છે. તમારી કાર્ય કરવાની રીત કંઈક નવી છે અને તમને આ રીતે લાભ મળી શકે છે.
- ધનઃ આજનો દિવસ તમારા માટે વ્યસ્ત રહેશે અને તમને કોઈ મહત્વના કામ પણ સોંપવામાં આવી શકે છે.
- મકરઃ આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેશે અને કોઈ ભારે કામ સંબંધિત પોતાના કામમાંથી વિરામ લેવો પડી શકે છે.
- કુંભઃ આ દિવસે તમે ખૂબ કંટાળો અનુભવશો અને લાંબા સમય સુધી સંઘર્ષ કર્યા બાદ હવે તમને લાગશે કે તમારે ક્યાંક બેસીને એકાંતમાં થોડો સમય પસાર કરવો જોઈએ.
- મીનઃ આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને આજે તમે દરેક ક્ષેત્રમાં પ્રભુત્વ મેળવશો અને લોકો તમારી પ્રશંસા કરશે.


વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com



નિકુંજભાઈ (મો)૭૩૫૯૦ ૪૩૨૪૧
MARUTI SUZUKI | TATA | Mahindra | TOYOTA | HYUNDAI
મહાદેવ મોટર્સ

દરેક પ્રકારની ડીઝલ - પેટ્રોલ કારનું મીકેનીકલ કામ તથા એલ.પી.જી. અને સી.એન.જી. રીપેરીંગ તેમજ એ.સી તથા બ્રેક ડાઉન વિશ્વાસપાત્ર રીપેર કરી આપીશું તેમજ વોશિંગ કરી આપીશું
લીલીયા રોડ, બાયપાસ ચોકડી, દાદાભગવાન મંદિરની આગળ, ખારા વાડી, અમરેલી


**-// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં. /૨૦૨૪

**પ્રતિ**
શ્રી મનસુખભાઈ બચુભાઈ વાજા
રહે.નગડલા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ..અરજદાર
વકીલશ્રી બી.ડી.ઉપાધ્યાય, કે.સી.ઉપાધ્યાય વિગેરે રહે.કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, નગડલા તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના નગડલા ગામના રહીશ શ્રી મનસુખભાઈ બચુભાઈ વાજા તથા શ્રી ભાનુબેન મનસુખભાઈ વાજા નો પુત્ર શ્રી હાર્દિક મનસુખભાઈ વાજા જન્મ તા. ૦૭/૦૩/૨૦૨૦ માં કોડીનાર તાલુકાના નગડલા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના નગડલા ગામના સને.૨૦૨૦ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૭/૦૧/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૨/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યાં.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલાની કોર્ટમાં**
**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૬૩/૨૦૨૪

**અરજદારશ્રીઃ** હેલૈયા શામજીભાઈ માલાભાઈ
રે.જાબાળ તા.સાવરકુંડલા જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તકમશ્રી જાબાળ તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પિતાશ્રી સ્વ.હેલૈયા માલાભાઈ માણસુરભાઈનું મરણ તા.૧૧/૦૬/૨૦૦૬ ના રોજ મુ.જાબાળ તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૭/૦૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૨/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા

**-//એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલીગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-**

અપીલ રજી નં.૧૫૦/૨૦૨૪

**અરજદાર :-** શ્રીપટેલ કાંતીભાઈ કાશીભાઈ
રહે. પરેશજી. તળાવીયા(એડવોકેટ).જૂનામાર્કેટિંગયાર્ડ, કોંગ્રેસકાર્યાલયસામે, કૃષિમોલ, પ્રથમમાળ,અમરેલીતા. જિ.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણનોંધણીઅધિકારીશ્રી,
-વ-
તલાટી -કમ-મંત્રીશ્રી, ગ્રામપંચાયતકચેરી,
મુ. મોટા ભંડારીયા, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોટા ભંડારીયા ગામમાં પટેલ કાંતીભાઈ કાશીભાઈ તેઓના પિતરાઈ બહેન મંજુલાબહેન શનાભાઈ પટેલની જન્મ તા.૦૧/૦૧/૧૯૬૬ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૦૧/૦૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**તંત્રી લેખ**

# નીતિશ કુમાર ફરી એકવાર પલટી મારશે ?

રાજકારણમાં કોઈ કાયમી મિત્ર હોતું નથી, તેવી જ રીતે કોઈપણ રાજકારણીને કાયમ માટે શત્રુ હોતો નથી. તમામ વહેવાર સ્વાર્થનાં પાયા પર ચાલે છે. ગુજરાતીમાં કહેવત છે કે "જિસકે તડ મે લડ્ડુ ઉસકે તડ મે હમ" આ વાત નીતિશ કુમારને આબાદ લાગુ પડે છે. ભારતીય રાજકારણમાં સૌથી વધુ પલટી મારનાર જો કોઈ નેતા હોય તો તે નીતિશ કુમાર છે. ગત સપ્તાહથી તેઓ સતત ચર્ચામાં રહ્યા છે. કારણ કે તેઓ કયારે પલટી મારીને કોના પક્ષમાં જશે તેનો અંદાજ કોઈ લગાવી શકતું નથી. નીતિશ કુમારની બાબતમાં સારામાં સારા જ્યોતિષ પણ આગાહી કરવાનું ટાળે છે!

આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારને મહાગઠબંધનમાં સામેલ થવાની ઓફર કરી છે. તેમના આમંત્રણ બાદ આરજેડી અને જેડીયુ નેતાઓના નિવેદનોનો દોર શરૂ થઈ ગયો છે. સૌથી મોટી વાત એ છે કે, લાલુની ઓફર પર સીએમ નીતિશ કુમારની શું પ્રતિક્રિયા છે તે સ્પષ્ટ થયું નથી. નીતિશ કુમાર ફરી પલટી મારશે તેની સતત ચર્ચા ચાલી રહી છે. સતત ચર્ચામાં રહેવું દરેક રાજકારણીને ગમે છે નીતિશકુમાર પણ આમાં બાદ નથી.

ગત ગુરુવારે (૦૨ જાન્યુઆરી) રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાનનાં શપથ ગ્રહણ સમારોહ પછી લાલુ યાદવે તેમનું સ્વાગત કર્યું હતું. લાલુ યાદવે કહ્યું કે, તમે આવશો તો તેઓ તેમનું સ્વાગત કરશે. આ સવાલ સાંભળ્યા બાદ નીતિશ કુમાર કોઈ જવાબ આપવાનું ટાળતા જોવા મળ્યાં હતા. નીતિશ કુમાર હસતા હાથ જોડીને ચાલ્યા ગયા. લાલુ યાદવના નિવેદન બાદ થઈ રહેલી રાજનીતિ પર શ્રમ સંસાધન મંત્રી સંતોષ કુમારે કહ્યું કે તેઓ (લાલુ યાદવ) મુંગેરીલાલના હસીન સપના જોઈ રહ્યા છે. તેમની ઓફરની સીએમ નીતિશ કુમાર પર કોઈ અસર થવાની નથી. ૨૦૨૫ની વિધાનસભા ચૂંટણીમાં **NDA**ની જીત નિશ્ચિત છે. બીજી તરફ ભાજપ પણ લાલુ યાદવના નિવેદનને વધારે મહત્વ નથી આપી રહ્યું. લાલુ યાદવના નિવેદન પર ભાજપના નેતાઓ માને છે કે, લાલુ યાદવના આમંત્રણની કોઈ કિંમત નથી. લોકો માને છે કે તે માત્ર રાજકારણની વાતો કરે છે. આ સરકાર પૂરી તાકાતથી ચાલશે. ક્યાંય કંઈ ખોટું નથી થઈ રહ્યું. તેવું આરજેડી નેતાઓ માને છે. તેજસ્વી યાદવે રાજદ સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવે નીતિશ કુમાર અંગે આપેલા નિવેદન પર ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું હતું કે, આ નિવેદન માત્ર મીડિયાને ચૂપ કરવા માટે છે. આવી સ્થિતિમાં તેને ગંભીરતાથી લેવું જોઈએ નહીં. જ્યારે આરીફ મોહમ્મદ ખાન અને નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી સાથે ઉભા રહેલા નીતિશ કુમારને પૂછવામાં આવ્યું કે શું ? રાજ્ય સરકાર તેનો કાર્યકાળ પૂર્ણ કરી શકશે, ત્યારે નવા નિયુક્ત રાજ્યપાલે દરમિયાનગીરી કરી અને કહ્યું, "આ પ્રકારના પ્રશ્નો પૂછવાનો આ યોગ્ય સમય નથી. આજે આનંદનો દિવસ છે. આપણે માત્ર સારી બાબતો વિશે જ વાત કરવી જોઈએ." છેલ્લા એક દાયકા દરમિયાન, નીતિશ કુમારે વિપક્ષી ગઠબંધન ઈન્ડિયાના ઘટક એવા આરજેડી સાથે બે વખત ગઠબંધન કર્યું છે અને પલટી પણ મારી છે. હવે ત્રીજી વખત પલટી મારવાની વેતરણમાં હોય તેવું માનવામાં આવે છે.

# યુનિયન કાર્બાઇડ કચરાનો નિકાલ : એક જટિલ સમસ્યા

યુનિયન કાર્બાઇડ કચરાનો નિકાલ: એક જટિલ સમસ્યા: યુનિયન કાર્બાઇડ કચરો એ વિશ્વનાં સૌથી જોખમી અને જટિલ કચરામાંનો એક છે. ભોપાલ ગેસ દુર્ઘટના જેવી ઘટનાઓ પછી, આ કચરાના નિકાલને લઈને વિશ્વભરમાં ચિંતા વ્યાપી ગઈ છે. આ કચરો અત્યંત ઝેરી હોવાથી તેનો નિકાલ કરવો એ એક મોટો પડકાર છે.

**કચરાની પ્રકૃતિ:** યુનિયન કાર્બાઇડ કચરો મુખ્યત્વે રાસાયણિક પદાર્થોનો બનેલો હોય છે, જે લાંબા સમય સુધી વાતાવરણ અને જીવજંતુઓ માટે જોખમી રહે છે. આ કચરામાં ઘણા બધા ઝેરી તત્વો હોય છે, જે માનવ સ્વાસ્થ્ય અને પર્યાવરણ માટે હાનિકારક હોય છે. **નિકાલની મુશ્કેલીઓ: ઝેરીપણું:** આ કચરો અત્યંત ઝેરી હોવાથી તેને હેન્ડલ કરવો અને નિકાલ કરવો ખૂબ જ જોખમી છે. **લાંબા સમય સુધી જોખમી:** આ કચરાના ઘટકો લાંબા સમય સુધી પર્યાવરણમાં રહીને નુકસાન કરતા રહે છે. **કોઈ સરળ ઉકેલ નથી:** આ કચરાના નિકાલ માટે કોઈ એક સરળ અને સુરક્ષિત ઉકેલ નથી. **ઊંચી કિંમત:** આ કચરાનો નિકાલ કરવો ખૂબ જ ખર્ચાળ છે. **નિકાલની પદ્ધતિઓ:** યુનિયન કાર્બાઇડ કચરાના નિકાલ માટે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે જેમ કે, **ભસ્મીકરણ:** આ પદ્ધતિમાં કચરાને ખૂબ જ ઉંચા તાપમાને બાળીને નાશ કરવામાં આવે છે. જોકે, આ પદ્ધતિથી ઝેરી ગેસ અને રાખ ઉત્પન્ન થાય છે જેનો પણ નિકાલ કરવો પડે છે. **સંરક્ષણ:** આ પદ્ધતિમાં કચરાને કોંક્રિટ અથવા અન્ય સામગ્રીથી ઢાંકીને સુરક્ષિત કરવામાં આવે છે. આ પદ્ધતિથી કચરો વાતાવરણમાં ફેલાતો અટકાવી શકાય છે, પરંતુ તે લાંબા સમય સુધી જોખમી રહે છે. **જૈવિક ઉપચાર:** આ પદ્ધતિમાં ખાસ પ્રકારના બેક્ટેરિયાનો ઉપયોગ કરીને કચરાને વિઘટિત કરવામાં આવે છે. જોકે, આ પદ્ધતિ ઘણી ધીમી છે અને તેના માટે ખૂબ જ નિયંત્રિત પરિસ્થિતિની જરૂર પડે છે. યુનિયન કાર્બાઇડ કચરાના નિકાલ માટે નવી અને વધુ સારી પદ્ધતિઓ વિકસાવવાની જરૂર છે. આ માટે વૈજ્ઞાનિકો અને એન્જિનિયરો સતત પ્રયત્ન કરી રહ્યા છે. આ ઉપરાંત, આ કચરાના નિકાલ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે નિયમો અને કાયદા બનાવવાની જરૂર છે.

**મહત્વની બાબતો:** યુનિયન કાર્બાઇડ કચરો એક ગંભીર સમસ્યા છે જેના માટે તાત્કાલિક ઉકેલ શોધવાની જરૂર છે. આ કચરાનો નિકાલ કરવો ખૂબ જ જોખમી અને ખર્ચાળ છે. આ કચરાના નિકાલ માટે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે, પરંતુ કોઈ એક સંપૂર્ણ ઉકેલ નથી. આ કચરાના નિકાલ માટે નવી અને વધુ સારી પદ્ધતિઓ વિકસાવવાની જરૂર છે. યુનિયન કાર્બાઇડ એક એવું નામ છે જે ભારત અને વિશ્વના ઈતિહાસમાં કાળા અક્ષરે લખાયેલું છે. આ નામ સાંભળતાં જ ભોપાલ ગેસ દુર્ઘટનાની યાદ તાજી થઈ જાય છે. આ દુર્ઘટના વિશ્વની સૌથી મોટી ઔદ્યોગિક દુર્ઘટનાઓમાંની એક હતી.

૧૯૮૪માં ભોપાલમાં આવેલી યુનિયન કાર્બાઇડની પેસ્ટિસાઇડ



ફેક્ટરીમાં મિથાઈલ આઈસોસાયનેટ (MIC) નામનો ઝેરી ગેસ લીક થવાથી હજારો લોકોના મોત થયા હતા અને લાખો લોકો કાયમ માટે અપંગ બની ગયા હતા. આ દુર્ઘટનાના કારણો અને તેના પરિણામો આજે પણ ચર્ચાનો વિષય છે. **દુર્ઘટનાના કારણો :** સલામતીના નિયમોનું ઉલ્લંઘન: ફેક્ટરીમાં સલામતીના નિયમોનું પાલન કરવામાં આવતું ન હતું. **જર્જરિત ઇન્ફ્રાસ્ટ્રક્ચર:** ફેક્ટરીનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર જર્જરિત હતું. **કર્મચારીઓની બેદરકારી:** કર્મચારીઓ દ્વારા બેદરકારીભર્યો વ્યવહાર કરવામાં આવ્યો હતો.

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

**કંપનીની બેદરકારી:** યુનિયન કાર્બાઇડ કંપનીએ સલામતીના પગલાં લેવામાં કોઈ રસ દાખવ્યો ન હતો. **દુર્ઘટનાના પરિણામો:** મોટા પાયે મૃત્યુ: હજારો લોકોના મોત થયા. **આરોગ્ય સમસ્યાઓ:** લાખો લોકો કાયમ માટે અપંગ બની ગયા. **પર્યાવરણનું પ્રદૂષણ:** આસપાસનું પર્યાવરણ ઝેરી થઈ ગયું. **આર્થિક નુકસાન:** ભોપાલ શહેરનું આર્થિક જીવન ખોરવાઈ ગયું.

**દુર્ઘટના પછીની પરિસ્થિતિ:** દુર્ઘટના પછી ભારત સરકાર અને યુનિયન કાર્બાઇડ કંપની વચ્ચે લાંબા સમય સુધી કાયદાકીય લડાઈ ચાલી હતી. આ દુર્ઘટનાએ વિશ્વને રાસાયણિક ઉદ્યોગોમાં સલામતીના મહત્વ વિશે જાગૃત કર્યું. આજે યુનિયન કાર્બાઇડ કંપનીનું નામ બદલીને DOW Chemical કરવામાં આવ્યું છે, પરંતુ ભોપાલ ગેસ દુર્ઘટનાના પીડિતો આજે પણ ન્યાયની રાહ જોઈ રહ્યા છે.

**યુનિયન કાર્બાઇડ કચરાનો નિકાલ:** ભોપાલની યુનિયન કાર્બાઇડ ફેક્ટરીનો ઝેરી કચરો: ભોપાલ ગેસ દુર્ઘટનાના ચાલીસ વર્ષ બાદ બુધવારે રાત્રે યુનિયન કાર્બાઇડ ફેક્ટરીમાંથી લગભગ ૩૭૭ ટન ઝેરી કચરો નિકાલ માટે લેવામાં આવ્યો હતો. ભોપાલથી ૨૫૦ કિલોમીટર દૂર ધાર જિલ્લાના પીથમપુર ઔદ્યોગિક વિસ્તારમાં ૧૨ સીલબંધ કન્ટેનર ટ્રકમાં ઝેરી કચરો લઈ જવામાં આવ્યો, ૨ થી ૩ ડિસેમ્બર, ૧૯૮૪ ની વચ્ચે, ભોપાલમાં યુનિયન કાર્બાઇડ પેસ્ટીસાઇડ ફેક્ટરીમાંથી અત્યંત ઝેરી મિથાઈલ આઈસોસાયનેટ (MIC) ગેસ લીક થયો હતો. જેમાં ઓછામાં ઓછા ૫,૪૭૯ લોકો માર્યા ગયા હતા અને હજારો અપંગ થયા હતા. તેને વિશ્વની સૌથી મોટી ઔદ્યોગિક દુર્ઘટનાઓમાંની એક ગણવામાં આવે છે. **મધ્યપ્રદેશ હાઈકોર્ટના નિર્દેશો:** મધ્ય પ્રદેશ હાઈકોર્ટે તાજેતરમાં યુનિયન કાર્બાઈડને ખાલી ન કરવા બદલ રાજધાની ભોપાલમાં સત્તાવાળાઓ સામે નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે, આ ઉદાસીનતા બીજી દુર્ઘટના તરફ દોરી શકે છે. સિંહે કહ્યું કે જો બધું બરાબર જોવા મળશે તો ત્રણ મહિનામાં કચરો બાળી નાખવામાં આવશે. **કચરાની પ્રકૃતિ:** યુનિયન કાર્બાઇડ કચરો મુખ્યત્વે રાસાયણિક પદાર્થોનો બનેલો હોય છે, જે લાંબા સમય સુધી વાતાવરણ અને જીવજંતુઓ માટે જોખમી રહે છે. આ કચરામાં ઘણા બધા ઝેરી તત્વો હોય છે જે માનવ સ્વાસ્થ્ય અને પર્યાવરણ માટે હાનિકારક હોય છે. **નિકાલની મુશ્કેલીઓ: ઝેરીપણું:** આ કચરો અત્યંત ઝેરી હોવાથી તેને હેન્ડલ કરવો અને નિકાલ કરવો ખૂબ જ જોખમી છે. **લાંબો સમય સુધી જોખમી:** આ કચરાના ઘટકો લાંબા સમય સુધી પર્યાવરણમાં રહીને નુકસાન કરતા રહે છે. **કોઈ સરળ ઉકેલ નથી:** આ કચરાના નિકાલ માટે કોઈ એક સરળ અને સુરક્ષિત ઉકેલ નથી. **ઊંચી કિંમત:** આ કચરાનો નિકાલ કરવો ખૂબ જ ખર્ચાળ છે. **નિકાલની પદ્ધતિઓ:** યુનિયન કાર્બાઇડ કચરાના નિકાલ માટે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે જેમ કે, **ભસ્મીકરણ:** આ પદ્ધતિમાં કચરાને ખૂબ જ ઉંચા તાપમાને બાળીને નાશ કરવામાં આવે છે. જોકે, આ પદ્ધતિથી ઝેરી ગેસ અને રાખ ઉત્પન્ન થાય છે જેનો પણ નિકાલ કરવો પડે છે. **સંરક્ષણ:** આ પદ્ધતિમાં કચરાને કોંક્રિટ અથવા અન્ય સામગ્રીથી ઢાંકીને સુરક્ષિત કરવામાં આવે છે. આ પદ્ધતિથી કચરો વાતાવરણમાં ફેલાતો અટકાવી શકાય છે, પરંતુ તે લાંબા સમય સુધી જોખમી રહે છે. **જૈવિક ઉપચાર:** આ પદ્ધતિમાં ખાસ પ્રકારના બેક્ટેરિયાનો ઉપયોગ કરીને કચરાને વિઘટિત કરવામાં આવે છે. જોકે, આ પદ્ધતિ ઘણી ધીમી છે અને તેના માટે ખૂબ જ નિયંત્રિત પરિસ્થિતિની જરૂર પડે છે.

ભવિષ્યમાં શું? યુનિયન કાર્બાઇડ કચરાના નિકાલ માટે નવી અને વધુ સારી પદ્ધતિઓ વિકસાવવાની જરૂર છે. આ માટે વૈજ્ઞાનિકો અને એન્જિનિયરો સતત પ્રયત્ન કરી રહ્યા છે. આ ઉપરાંત, આ કચરાના નિકાલ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે નિયમો અને કાયદા બનાવવાની જરૂર છે. **મહત્વની બાબતો:** યુનિયન કાર્બાઇડ કચરો એક ગંભીર સમસ્યા છે જેના માટે તાત્કાલિક ઉકેલ શોધવાની જરૂર છે. આ કચરાનો નિકાલ કરવો ખૂબ જ જોખમી અને ખર્ચાળ છે. આ કચરાના નિકાલ માટે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે, પરંતુ કોઈ એક સંપૂર્ણ ઉકેલ નથી. આ કચરાના નિકાલ માટે નવી અને વધુ સારી પદ્ધતિઓ વિકસાવવાની જરૂર છે.

# માર્કેટયાર્ડના ભાવ

## રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૫૧૧ |
| ઘઉં લોકવન | ૫૮૭ | ૬૩૦ |
| ઘઉં ટુકડા | ૬૦૪ | ૬૬૨ |
| જુવાર સફેદ | ૭૬૧ | ૮૬૬ |
| જુવાર પીળી | ૪૧૧ | ૫૫૦ |
| બાજરી | ૪૬૫ | ૪૬૫ |
| તુવેર | ૧૩૦૦ | ૧૭૫૫ |
| ચણા પીળા | ૧૦૫૦ | ૧૩૧૫ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૨૬૪૫ |
| અડદ | ૧૦૫૦ | ૧૬૫૦ |
| મગ | ૧૫૨૫ | ૨૦૨૦ |
| વાલ દેશી | ૧૧૫૦ | ૧૫૦૦ |
| ચોળી | ૧૩૦૦ | ૨૩૯૦ |
| મઠ | ૯૦૦ | ૧૨૮૧ |
| કળથી | ૯૦૦ | ૧૦૭૦ |
| સીંગદાણા | ૧૧૭૫ | ૧૩૫૦ |
| મગફળી જાડી | ૯૩૦ | ૧૧૫૫ |
| મગફળી જીણી | ૯૦૭ | ૧૨૪૦ |
| તલી | ૨૦૫૦ | ૨૬૦૦ |
| એરંડા | ૧૧૮૭ | ૧૨૩૦ |
| અજમો | ૧૬૮૦ | ૧૬૮૦ |
| સોયાબીન | ૮૦૫ | ૮૪૦ |
| સીંગફાડા | ૧૦૪૦ | ૧૨૯૦ |
| કાળા તલ | ૩૪૦૦ | ૪૮૬૦ |
| લસણ | ૧૬૧૧ | ૩૫૧૧ |
| ધાણા | ૧૦૫૧ | ૧૫૧૫ |
| મરચા સુકા | ૯૦૦ | ૨૪૩૦ |
| ધાણી | ૧૪૪૦ | ૧૫૩૫ |
| વરીયાળી | ૧૧૫૦ | ૧૬૩૨ |
| જીરૂ | ૪૧૫૦ | ૪૫૫૧ |
| રાય | ૧૦૨૦ | ૧૧૯૫ |
| મેથી | ૯૬૦ | ૧૧૧૬ |
| કલોંજી | ૩૫૦૦ | ૩૭૦૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૦૦ |
| રજકાનું બી | ૩૬૫૦ | ૪૨૫૦ |
| ગુવારનું બી | ૯૮૦ | ૧૦૦૫ |

## રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| લીંબુ | ૨૦૦ | ૮૪૦ |
| બટેટા | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૪૪૦ |
| ટમેટા | ૨૦૦ | ૩૦૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમરી | ૧૦૦ | ૨૦૦ |
| મુળા | ૨૫૦ | ૪૫૦ |
| રીંગણા | ૮૦ | ૧૨૦ |
| કોબીજ | ૩૦ | ૬૦ |
| ફ્લાવર | ૧૫૦ | ૨૫૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૩૦૦ |
| ચોળાસીંગ | ૭૦૦ | ૧૧૦૦ |
| વાલોળ | ૧૬૦ | ૨૪૦ |
| ટીંડોળા | ૪૫૦ | ૬૫૦ |
| દુધી | ૧૮૦ | ૨૫૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| સરગવો | ૭૦૦ | ૧૩૫૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૨૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૨૫૦ |
| કાકડી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૨૬૦ | ૩૪૦ |
| વટાણા | ૫૫૦ | ૮૦૦ |
| તુવેરસીંગ | ૫૦૦ | ૭૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૬૦ |
| મેથી | ૧૦૦ | ૨૦૦ |
| વાલ | ૫૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૩૦૦ |
| આદુ | ૭૬૦ | ૮૪૦ |
| ચણા લીલા | ૨૦૦ | ૬૫૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૬૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૧૬૦૦ | ૨૭૦૦ |
| મકાઇ લીલી | ૨૨૦ | ૩૨૦ |

## અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૮૩૫ | ૧૧૦૦ |
| ગિરનારી શીંગ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| શિંગ મોટી | ૮૨૫ | ૧૧૭૯ |
| શિંગ ફાડા | ૯૯૯ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૪૭૦ | ૨૫૧૧ |
| તલ કાળા | ૩૩૦૦ | ૪૮૫૫ |
| તલ કાશ્મીરી | ૨૮૦૦ | ૩૧૦૦ |
| બાજરો | ૩૦૬ | ૬૫૬ |
| જુવાર | ૭૬૬ | ૯૦૦ |
| ઘઉં ટુકડા | ૫૨૬ | ૬૮૫ |
| ઘઉં લોકવન | ૪૬૧ | ૬૨૦ |
| અડદ | ૯૩૦ | ૧૬૨૫ |
| ચણા | ૯૬૨ | ૧૨૮૦ |
| તુવેર | ૮૫૦ | ૧૬૦૮ |
| કપાસ | ૮૯૦ | ૧૪૯૪ |
| એરંડા | ૧૧૮૧ | ૧૧૯૧ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૫૪૦ |
| ધાણા | ૧૦૪૦ | ૧૪૧૫ |
| સોયાબીન | ૬૦૦ | ૮૨૯ |
| મરચા લાંબા | ૪૩૦ | ૩૧૩૦ |

## અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૪૨૦ | ૫૦૦ |
| રીંગણાં | ૧૬૦ | ૨૫૦ |
| ફુલાવર | ૧૦૦ | ૨૪૦ |
| કોબીજ | ૧૨૦ | ૨૪૦ |
| શકકરીયા | ૪૨૦ | ૫૨૦ |
| ટામેટા | ૨૦૦ | ૩૫૦ |
| સુરણ | ૭૦૦ | ૮૫૦ |
| ગાજર | ૩૫૦ | ૫૦૦ |
| દૂધી | ૧૨૦ | ૨૮૦ |
| કારેલા | ૭૦૦ | ૯૦૦ |
| ગલકા | ૩૦૦ | ૬૨૦ |
| મુળા | ૧૦૦ | ૨૪૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૬૫૦ | ૧૦૦૦ |
| વટાણા | ૭૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| આમળા | ૫૨૦ | ૭૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૮૦૦ |
| તુવેર | ૬૨૦ | ૭૦૦ |
| હળદર લીલી | ૬૦૦ | ૮૦૦ |
| આદુ | ૭૫૦ | ૮૦૦ |
| કોથમીર | ૧૮૦ | ૩૪૦ |
| મેથીભાજી | ૧૭૦ | ૨૫૦ |
| ફુદીનો | ૬૦૦ | ૮૫૦ |
| ટીંડોરા | ૫૨૦ | ૬૪૦ |
| બીટ | ૨૦૦ | ૪૦૦ |
| સરગવો | ૮૪૦ | ૧૨૦૦ |
| લીમડો મીઠો | ૩૦૦ | ૩૨૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૮૨૦ |
| મરચા લાલ | ૪૦૦ | ૧૦૫૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૨૦૦ | ૫૦૦ |
| લસણ લીલુ | ૨૭૦૦ | ૩૦૫૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૬૦૦ | ૮૦૦ |
| પાલક | ૧૬૦ | ૨૪૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |

## ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ બી. ટી. | ૧૩૭૧ | ૧૪૮૨ |
| ઘઉં લોકવન | ૫૪૦ | ૬૩૪ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૭૦૨ |
| મગફળી જીણી | ૭૧૧ | ૧૧૭૬ |
| સિંગ ફાડીયા | ૭૫૦ | ૧૩૦૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૦ | ૧૨૪૬ |
| તલ લાલ | ૨૨૦૦ | ૨૮૫૧ |
| જીરૂ | ૩૮૦૧ | ૪૬૮૧ |
| વરીયાળી | ૧૧૯૧ | ૧૪૪૧ |
| ધાણા | ૮૦૧ | ૧૭૬૧ |
| લસણ સુકું | ૧૫૦૧ | ૩૮૭૧ |
| ડુંગળી લાલ | ૧૧૧ | ૪૫૧ |
| અડદ | ૧૦૩૧ | ૧૬૪૧ |
| મઠ | ૭૭૧ | ૮૪૧ |
| તુવેર | ૧૧૦૦ | ૧૮૦૧ |
| રાય | ૧૦૪૧ | ૧૨૦૧ |
| મેથી | ૭૦૧ | ૧૧૩૧ |
| કાંગ | ૭૫૧ | ૧૧૦૧ |
| સુરજમુખી | ૬૦૧ | ૬૦૧ |
| મરચા | ૪૫૧ | ૨૮૦૧ |
| મગફળી જાડી | ૬૨૧ | ૧૨૬૧ |
| તલ - તલી | ૧૮૦૦ | ૨૪૮૧ |
| ઇસબગુલ | ૧૫૦૧ | ૧૫૦૧ |
| ધાણી | ૯૦૧ | ૧૭૩૧ |
| ડુંગળી સફેદ | ૨૨૧ | ૪૦૧ |
| બાજરો | ૪૭૧ | ૫૫૧ |
| જુવાર | ૪૫૧ | ૮૯૧ |
| મગ | ૧૫૧૧ | ૧૭૪૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૩૨૧ |
| વાલ | ૩૦૧ | ૧૬૧૧ |
| ચોળા / ચોળી | ૫૫૧ | ૨૯૫૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૫૧ |
| ગોગળી | ૬૦૦ | ૯૨૧ |
| વટાણા | ૨૩૦૧ | ૨૫૫૧ |

## ગોંડલ(શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૧૦૦ | ૪૦૦ |
| મરચા | ૨૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૧૦૦ | ૪૦૦ |
| દુધી | ૬૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૪૦ | ૨૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૪૦૦ | ૭૦૦ |
| તુવેર | ૫૦૦ | ૮૦૦ |
| વાલ | ૪૦૦ | ૭૦૦ |
| વટાણા | ૬૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૩૮૦ | ૫૬૦ |
| અંબાળા | ૫૦૦ | ૭૦૦ |
| લીલી હળદર | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી પુરા | ૧૫ | ૨૦ |
| કોથમીર પુરા | ૧૦ | ૨૦ |
| મૂળા પુરા | ૯ | ૧૪ |
| ફોદીનો પુરા | ૫ | ૧૦ |
| પચકારુ | ૪૦૦ | ૮૦૦ |
| ચ્રૂણ | ૮૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૩૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૫૦૦ | ૮૦૦ |
| મેથી પુરા | ૮ | ૧૦ |
| બીટ પુરા | ૧૦ | ૧૮ |
| સરગવો પુરા | ૨૦ | ૪૦ |
| ચોરા | ૩૦૦ | ૮૦૦ |
| કારેલા | ૩૦૦ | ૮૦૦ |
| વાલોર | ૬૦ | ૩૦૦ |
| આદુ | ૫૦૦ | ૧૧૦૦ |
| મકાઈ ડોડા | ૨૪૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૨૦ | ૩૦ |
| પાલક પુરા | ૭ | ૧૦ |

## બાબરા

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૫૦ | ૧૫૧૫ |
| કપાસ મીડીયમ | ૧૨૫૦ | ૧૪૦૦ |
| મગફળી | ૧૦૬૨ | ૧૧૪૮ |
| મગફળી બીટી | ૯૫૨ | ૧૦૮૮ |
| અડદ | ૧૧૭૦ | ૧૨૮૦ |
| ઘઉં | ૫૪૯ | ૬૧૧ |
| જીરૂ | ૩૯૯૦ | ૪૪૦૦ |
| સોયાબીન | ૭૭૨ | ૭૮૮ |
| ચણા | ૧૧૫૦ | ૧૨૩૦ |
| તુવેર | ૧૨૧૦ | ૧૩૯૦ |

## બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૪૯૫ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૯૫ |
| ઘઉં ટુકડા | ૫૬૧ | ૬૧૯ |
| સોયાબીન | ૫૧૦ | ૭૮૯ |
| મગફળી | ૫૪૦ | ૯૬૫ |
| ચણા | ૧૦૮૦ | ૧૨૦૦ |
| તલસફેદ | ૧૭૨૫ | ૨૦૨૫ |
| ધાણા | ૧૦૬૦ | ૧૪૫૦ |
| અડદ | ૧૩૫૦ | ૧૩૫૦ |
| શીંગદાણા | ૧૧૦૫ | ૧૧૦૫ |
| જુવાર | ૪૦૦ | ૮૫૫ |
| મકાઇ | ૫૦૧ | ૫૦૧ |
| ચણાસફેદ | ૧૧૫૦ | ૧૧૫૦ |

## ધારી

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૭૪ | ૧૪૨૫ |
| મગફળી | ૮૩૫ | ૧૦૬૧ |
| ઘઉં | ૫૦૬ | ૫૮૪ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૮૧ |
| અડદ | ૧૧૭૫ | ૧૧૭૫ |
| તલ સફેદ | ૨૨૪૫ | ૨૨૪૫ |
| સોયાબીન | ૭૦૦ | ૭૭૫ |

## ખાંભા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૪૦ | ૧૪૯૦ |
| મગફળી | ૯૭૫ | ૧૦૨૬ |
| ચણા | ૧૩૧ | ૧૧૩૧ |
| સોયાબીન | ૭૮૦ | ૭૮૦ |
| મેથી | ૧૦૦૭ | ૧૦૦૭ |

## જામનગર

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૫૦૬ |
| જુવાર | ૬૦૦ | ૫૨૫ |
| બાજરો | ૪૯૦ | ૫૨૫ |
| ઘઉં | ૫૫૦ | ૬૫૦ |
| મગ | ૧૪૦૦ | ૧૪૬૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૬૨૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૬૫ |
| ચોળી | ૨૦૦૦ | ૨૪૦૦ |
| ચણા | ૧૧૩૦ | ૧૨૨૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૩૦૦ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૧૧૫ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૨૧ |
| લસણ | ૧૫૦૦ | ૩૬૮૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૫૪૦ |
| અજમો | ૧૬૦૦ | ૪૮૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૮૦ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૫૩૦ |
| મરચા સુકા | ૫૦૦ | ૨૫૨૫ |
| સોયાબીન | ૭૫૦ | ૮૦૦ |

## મહુવા

| | | |
|---|---|---|
| શીંગ ગીરનાર | ૧૧૪૦ | ૧૨૪૮ |
| શીંગ ૩૨ | ૯૬૦ | ૧૦૬૦ |
| શીંગ ૩૯ | ૯૩૨ | ૧૧૨૫ |
| શીંગ જી-૨૦ | ૧૦૦૦ | ૧૧૫૪ |
| જુવાર | ૫૪૦ | ૯૨૨ |
| મગદેશી | ૧૮૩૦ | ૨૪૦૧ |
| ઘઉં ટુકડા | ૬૦૧ | ૬૮૩ |
| અડદ | ૧૦૮૬ | ૧૪૯૯ |
| બાજરી | ૪૫૧ | ૬૩૦ |
| સોયાબીન | ૮૦૨ | ૮૦૫ |
| ચણા | ૯૭૫ | ૯૭૫ |
| તલ સફેદ | ૧૭૨૬ | ૨૪૦૪ |
| તલ કાળા | ૨૯૫૦ | ૩૧૭૨ |
| રાય | ૧૪૫૦ | ૧૪૫૦ |
| અજમા | ૨૧૦૦ | ૨૧૦૦ |
| ડુંગળી લાલ | ૧૫૦ | ૫૧૧ |
| ડુંગળી સફેદ | ૨૩૬ | ૫૪૨ |
| કપાસ શંકર | ૧૦૪ | ૧૪૩૬ |
| નાળીયેર | ૬૪૦ | ૨૫૯૨ |

## ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૪૭૬ |
| ઘઉં | ૫૦૦ | ૬૨૧ |
| ચણા | ૮૦૧ | ૧૨૦૬ |
| અડદ | ૧૦૦૧ | ૧૫૬૬ |
| મગફળી | ૭૦૦ | ૧૦૯૬ |
| શીંગફાડા | ૯૦૦ | ૧૧૬૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૬૬ |
| સોયાબીન | ૬૦૧ | ૮૨૬ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૧૫૧ |
| જીરૂ | ૪૦૦૧ | ૪૫૩૬ |

## રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૯૫૦ | ૧૨૦૧ |
| તલ સફેદ | ૨૨૫૦ | ૨૪૫૦ |
| કપાસ | ૧૨૮૦ | ૧૪૭૦ |
| બાજરા | ૪૬૫ | ૬૩૧ |
| ઘઉં ટુકડા | ૫૭૫ | ૬૯૨ |
| જુવાર | ૫૦૦ | ૯૦૦ |
| મકાઈ | ૪૫૧ | ૪૫૧ |
| મગ | ૧૬૦૧ | ૧૮૫૦ |
| અડદ | ૯૦૦ | ૧૯૦૧ |
| તુવેર | ૧૪૫૧ | ૧૪૫૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૭૫૦ | ૭૫૦ |
| એરંડી | ૯૫૪ | ૧૧૮૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૧૦૦ |
| મકાઈ | ૪૫૧ | ૪૫૧ |

## સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૯૫૦ | ૧૧૫૬ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૭૦ |
| તલ સફેદ | ૨૧૫૧ | ૨૩૫૧ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૩૫૧ |
| ઘઉં લોકવન | ૫૧૨ | ૬૩૦ |
| ઘઉં ટુકડા | ૫૫૧ | ૬૭૦ |
| બાજરો | ૫૭૦ | ૬૬૮ |
| જુવાર | ૬૯૧ | ---- |
| મગ | --- | ૧૭૫૫ |
| અડદ | ૧૧૦૦ | ૧૨૭૧ |
| ચણા | ૧૧૫૦ | ૧૫૦૦ |
| તુવેર | ૧૨૫૧ | ૧૪૬૧ |
| એરંડી | ૧૦૦૦ | ૧૧૪૬ |
| સોયાબીન | ૬૫૦ | ૭૮૦ |
| ધાણા | ૧૪૦૦ | ૧૪૨૨ |
| નવા ચણા | -- | ૧૭૦૧ |


## મોટા લીલીયા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૯૧ | ૧૪૬૬ |

## કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળીજી૨૦ | ૧૦૨૫ | ૧૧૬૪ |
| મગફળી૩૨નં | ૯૭૦ | ૧૧૦૮ |
| બાજરા | ૫૨૫ | ૬૧૪ |
| ઘઉં | ૫૫૦ | ૬૬૦ |
| જુવાર | ૬૫૦ | ૮૫૧ |
| અડદ | ૧૦૫૦ | ૧૫૪૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૩૫ |
| તલ | ૨૧૦૦ | ૨૩૭૦ |
| સોયાબીન | ૭૮૮ | ૮૩૭ |
| કપાસ(ડોળાસા) | ૧૩૩૦ | ૧૪૮૦ |

# શબ્દ સંજોગ-૧૯૨૯



**આડી ચાવી :**
(૨) કંડિકા, પેરેગ્રાફ (૩)
(૫) પૈસાદાર, ધનવાન (૩)
(૭) છાપખાનું (૫)
(૯) પાઘડીનો...છેડે (૨)
(૧૦) નાકથી વાયુ લેવો-મૂકવો તે (૨)
(૧૨) કંગાળ, તુચ્છ (૩)
(૧૪) મૂર્ખ (૪)
(૧૬) દાવાનળ, સંતાપ (૨)
(૧૮) ....હોય તો માળવે જવાય (૨)
(૨૧) એક પક્ષી (૨)
(૨૨) કુટુંબ કબીલો (૪)
(૨૪) સમારકામ (૪)
(૨૫) નસીબ (અંગ્રેજી) (૨)
(૨૬) "ખર્ચ ખાઈને... જેવો થયો છે." (૩)
(૨૭) "તમે વાતનો.... સમજયાં ?" (૨)

**ઉભી ચાવી :**
(૧) ચોક્કસ, ફલાણું (૩)
(૨) સાપની ફેણ (૨)
(૩) કજીયો, કંકાસ (૩)
(૪) એક બંગાળી અટક (૨)
(૫) ફાટેલા કપડાને..કરી આપવામાં આવશે (૨)
(૬) દરેક વ્યકિત.... મેળવવા માટે આકાશ-પાતાળ એક કરી નાખે છે (૪)
(૮) મદદ (૩)
(૧૧) હમ.....એક હે (૨)
(૧૨) હજમ કરવું (૩)
(૧૩) જિંદગી છે એટલે ખુશી છે અને...છે એટલે ઘર છે (૪)
(૧૫) ઘાંટાઘાટ (૫)
(૧૭) કાપીને મારવું તે (૨)
(૧૯) પાણી, જળ (૨)
(૨૦) મુંડન, હજામત (૪)
(૨૨) પડવુ તે, પરાજય (૩)
(૨૩) પ્રીતમ, સનમ (૩)
(૨૪) એક કઠોળ (૨)

# શબ્દ સંજોગ-૧૯૨૮ જવાબ

**આડી ચાવી:** (૧) ઝારખંડ (૪) અખોઝર (૭) લવ (૮) ખોડીબારુ (૧૧) નબ(બન) (૧૨) રાબ (૧૩) નક્કર (૧૫) કંકર (૧૬) ખો (૧૭) ક્ષણિક (૨૦) પત્ર (૨૨) સજા (૨૩) બવ (૨૪) લયલા (૨૫) મંછા (૨૬) નાળ (૨૭) મહી (૨૮) યોજના.

**ઉભી ચાવી:** (૧) ઝાલર (૨) રવ (૩) ડખો (૪) અબાબ (૫) ખોરું (૬) રવાબ (૯) ડીન (૧૦) ડુક્કર (૧૨) રાવણિ (૧૩) નકલ (૧૪) નક્ષત્ર (૧૮) કળવળ (૧૯) મજા (૨૦) પડછાયો (૨૧) ઢોલક (૨૨) સલામ (૨૩) બનાના.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# વિંછીયાનાં થોરીયાળી ગામના યુવાનની હત્યાનો મુખ્ય આરોપી ઝડપાયો : બે ફરાર



જસદણ, તા.૦૩

વિંછીયાના થોરીયાળી ગામના ઘનશ્યામભાઈ રાજપરાએ ગામના જ રબારી સમાજના લોકો સામે લેન્ડ ગ્રેબિન્ગની અરજી કરી હતી. તેનો ખાર રાખી આરોપીએ ઘનશ્યામભાઈને મોતને ઘાટ ઉતારી દીધા હતા. જે બનાવ બાદ વિંછીયા મામલતદાર કચેરી ખાતે આરોપીની તાત્કાલિક ધરપકડ થાય અને બીજી માંગણીઓ સબબ કોળી સમાજના લોકો ધરણા પર બેસી ગયા હતા. જો કે ગઈકાલે દિવસ દરમિયાન કોળી સમાજના આગેવાનોએ આરોપીની તાત્કાલિક ધરપકડ કરવી, આરોપીએ સરકારી જગ્યામાં ખડકી દીધેલા મકાન દૂર કરવા જેવી તંત્ર પાસે માંગણી કરી હતી. ત્યારે સાંજે કલેક્ટરે પરિવારજનોની અને સમાજના આગેવાનોની વ્યાજબી માંગણી પૂરી થશે તેવી ખાતરી આપતા ગઈકાલે સાંજે આ બનાવનો સુખદ અંત આવ્યો હતો અને છેલ્લા ૨ દિવસથી હત્યાનો ભોગ બનનાર ઘનશ્યામભાઈ રોજાસરાના મૃતદેહને પરિવારજનોએ સ્વીકારી થોરીયાળી ગામે પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે અગ્નિસંસ્કાર કર્યા હતા. દરમિયાન આ હત્યાના મુખ્ય આરોપી શેખા ગભરૂભાઈ સાંબડને ઝડપી લેવા વિંછીયા પોલીસે અલગ-અલગ ટીમો બનાવી હતી. જેમાં હત્યાનો મુખ્ય આરોપી શેખા સાંબડ ચોટીલા પંથકમાં હોવાની બાતમી મળતા તેને દબોચી લેવાયો હતો. બીજા ૨ આરોપીને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

# અમરેલીમાં પાટીદાર દીકરીને જામીન મળતા ખોડલધામ ટ્રસ્ટે આભાર વ્યક્ત કર્યો

**પીડિત દીકરીને સાથ આપનાર તમામ સંસ્થાઓ અને લોકોનો આભાર વ્યકત કરાયો**



અમરેલી, તા.૦૩

અમરેલીમાં નકલી લેટરકાંડ બાદ ૪ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. જેમાં પાયલબેન ગોટી નામની દીકરી ઓફિસમાં નોકરી કરતી હોય તેને પણ ગુનેગાર બનાવાતા લોકોનો રોષ ભભૂકી ઉઠયો હતો અને જિલ્લાભરમાંથી વિવિધ સામાજીક આગેવાનોએ આ ઘટના અંગે ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલનું ધ્યાન દોરતા દિનેશભાઈ બાંભણીયાની આગેવાની નીચે ટ્રસ્ટી મંડળની ટીમે ગુરૂવારે જિલ્લાની મુલાકાત લઈ દીકરી ઝડપથી જેલમાંથી છૂટે તે માટે બેઠકો યોજી હતી. આજે પાયલબેન ગોટી જેલમાંથી જામીન પર બહાર આવતા ખોડલધામ ટ્રસ્ટવતી દિનેશભાઈ બાંભણીયાએ આ ઘટનામાં દીકરીને સાથ આપનાર તમામ સંસ્થાઓ, રાજકીય-સામાજીક આગેવાનો અને લોકોનો આભાર વ્યકત કર્યો હતો. અને ભવિષ્યમાં પણ આ દીકરીને જયારે જરૂર પડે ત્યારે સંસ્થા સાથે ઉભી રહેશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો.

# અમરેલીમાં આમ આદમી પાર્ટીનાં પ્રતિનિધિ મંડળે એસપીને કરી રજૂઆત



અમરેલી, તા.૦૩

અમરેલીમાં કાયદો અને વ્યવસ્થાની કથળતી પરિસ્થિતિને લઈને આમ આદમી પાર્ટીનાં પ્રતિનિધિ મંડળે જિલ્લા પોલીસ વડા સંજય ખરાતને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી. આમ આદમી પાર્ટીનાં નેતા ગોપાલ ઈટાલીયા, રાજુ કરપડા સહિતના આગેવાનોએ દારૂ, રેત ખનન સહિત ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઉઠાવ્યા હતા. તથા જિલ્લામાં કોઈપણ નિર્દોષ વ્યકિતનાં વરઘોડા ન નીકળે તેની પોલીસ તકેદારી રાખે તેવી રજૂઆત પણ કરી હતી.

# ધોરાજીના પોસ્ટ ઓફિસ અને ઉપલેટા રોડ ઉપરના ગેરકાયદેસર દબાણ હટાવાયા

**કુલ ૫૦ જેટલા કર્મચારીઓએ અંદાજે ૪૦ દબાણોને દૂર કર્યા**



તસ્વીર : નયન કુહાડીયા

ધોરજી,તા.૦૩

સમગ્ર રાજ્યમાં સરકાર દ્વારા ગેરકાયદે દબાણો દૂર થઈ રહ્યા છે. ધોરાજીમાં પણ નવા આવેલા ડેપ્યુટી કલેક્ટર નાગાજણ તરખાલા, ચીફ ઓફિસર જયમલ મોઢવાડીયા અને પોલીસ બંદોબસ્ત વચ્ચે આજે શહેરમાં દબાણ દૂર કરવાનો પ્રારંભ થયો હતો. ધોરાજીમાં ત્રણ દરવાજા પાસેની શાકભાજીની લારીઓ, જૂનાગઢ રોડ, આનંદનગર વિસ્તારમાં દબાણ, લારી-ગલ્લા અને ગેરકાયદે બાંધકામ સામે તંત્રએ લાલ આંખ કરી છે. આજે શહેરના પોસ્ટ ઓફિસ રોડ અને ઉપલેટા રોડ વગેરે વિસ્તારોમાં જેસીબી સાથે દબાણ હટાવવામાં આવ્યા હતા. જાહેર માર્ગ પર દુકાનદારોએ કરેલા અને આડેધડ કરાયેલ દબાણ પણ દુર કરવામાં આવ્યા હતા. કુલ ૫૦ જેટલા કર્મચારીઓએ અંદાજે ૪૦ દબાણોને દૂર કર્યા હતા. ટ્રાફિકને નડતરરૂપ ગેરકાયદે પોસ્ટર-બેનર પણ દૂર કરાયા હતા.

# સરકારની કલ્યાણકારી યોજના અંતર્ગત અમરેલી જિલ્લાનાં માછીમારોને લાભ

અમરેલી,તા.૦૩

અમરેલી જિલ્લામાં સરકારની કલ્યાણકારી યોજનાઓ અંતર્ગત મત્સ્ય ખેડૂતોને આર્થિક સહાય આપવામાં આવી છે. જેમાં રાજય સરકારના મસ્યોદ્યોગ ખાતા મારફત અમરેલી જિલ્લાના માછીમારોને રૂ.૮૧૮.૨૩ લાખની સહાય તથા ડિઝલ વેટ રાહત યોજના તળે ૧,૦૪૭ લાભાર્થી માછીમાર બોટ માલિકોને મહત્તમ રૂ.૧૫ પ્રતિ લીટર વેટ રાહત અને કેરોસીન વેટ રાહત યોજના અંતર્ગત ૧૧૦ માછીમારોને રૂ.૪.૬૦ લાખની વેટ રાહત તેમજ વિવિધ સરકારી યોજનાઓ હેઠળ માછીમારી બોટ ધરાવતા ૨૭ લાભાર્થીઓને રૂ.૨૦.૩૩ લાખની આર્થિક સહાય આપવામાં આવી છે. આથી અમરેલી જિલ્લાના માછીમારોએ આ સરકારી યોજનાઓનો લાભ મળતા સરકારનો આભાર માન્યો હતો.


# કોડીનાર પોલીસ ટીમે દુદાણા ગામના અરજદારના એક લાખ પરત અપાવ્યા



કોડીનાર, તા.૦૩

કોડીનાર પોલીસે માનવીય અભિગમ અપનાવી એક અરજદારને તેમની બાકી નીકળતી રકમ પરત અપાવવામાં સફળતા મેળવી છે. પોલીસ ઈન્સ્પેક્ટર એન. આર.પટેલની સૂચના અને પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે.એમ. ચાવડાના માર્ગદર્શન હેઠળ કોડીનાર પોલીસ ટીમે આધુનિક ટેકનોલોજી અને માનવ સ્ત્રોતનો ઉપયોગ કરી આ કેસનો સુખદ અંત લાવ્યો હતો. દુદાણા ગામના કલ્પેશભાઈ મનભાઈ વાળા (ઉ.વ.૨૪) એ પોતાની મહિન્દ્રા ફોરવ્હીલ (નં.GJ-૩૨-T-૪૦૮૫) બ્લુ પાઈન એનર્જી પ્રા.લી. કંપનીને માસિક રૂ.૫૫,૦૦૦ના ભાડે ૧૧ માસના કરાર પર આપી હતી. કંપનીના વેન્ડર રાજેશભાઈ ઠક્કરે બે માસના કુલ રૂ.૧,૦૦,૦૦૦ની ચુકવણી બાકી રાખી હતી. કોડીનાર ટાઉન બીટના એ.એસ. આઈ. કંચનબેન વજુભાઈ અને પોલીસ કોન્સ્ટેબલ ભગવાનભાઈ જીણાભાઈ તથા ભીખુશા બચુશાએ આ મામલે સામાવાળા સાથે ટેલિફોનિક સંપર્ક સાધ્યો હતો. પોલીસની દરમિયાનગીરીથી સામાવાળાએ અરજદારની બાકી રકમ ચૂકવી આપી હતી. પોતાની રકમ પરત મળતાં અરજદારે કોડીનાર પોલીસનો આભાર માન્યો હતો.

# રાજકોટમાં બે દિવસમાં તોડ કરતા બે ડુપ્લીકેટ પોલીસકર્મી ઝડપાયા



રાજકોટ, તા.૦૩

રાજકોટમાં પોલીસના નામે તોડ કરનાર શખ્સની પોલીસે ધરપકડ કરી છે. થોડા દિવસ પહેલા જ બસ સ્ટેન્ડ પાછળ આવેલી હોટેલમાં જઈ ક્રાઈમ બ્રાન્ચના નામે યુગલને અહીં શું આવ્યા છો કહીને ૩૧ હજારનો તોડ કર્યો હોવાનું ખુલ્યું છે. એ ડિવિઝન પોલીસને ફરિયાદ મળતા જ CCTV ફૂટેજ આધારે નકલી પોલીસને ઓળખી દબોચી લેવામાં આવ્યો હતો. રાજકોટમાં નકલી પોલીસ બની ફરતો મિહિર ભાનું કુંગસિયા ઝડપાયો છે. આ શખ્સ પર હોટેલમાં જઈ યુગલ પાસેથી ૩૧ હજારનો તોડ કર્યો હોવાનો આરોપ છે. ડીસીપી જગદીશ બાંગરવાના કહેવા મુજબ, રાજકોટના કોઠારિયા નાકા પાસે શિવ પ્રતિમા એપાર્ટમેન્ટમાં રહેતો અને મૂળ બંગાળનો મુરારીમોહન શત્રુઘ્ન બાદ (ઉ.૪૪) તેની પ્રેમિકા સાથે એસટી બસ સ્ટેન્ડ પાસે મૂન હોટેલમાં હતો ત્યારે અજાણ્યા શખ્સે તેની પાસે આવી તે ક્રાઈમ બ્રાંચના પોલીસમેન હોવાની ઓળખ આપી તમે અહીં શું કામ આવ્યા છો કહી ધમકાવ્યા હતા.


**મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૬૩/૨૦૨૪ — તા.૦૬/૧૨/૨૦૨૪

વિવાદી :- શ્રી હેલૈયા હરજીભાઈ માવજીભાઈ
રહે.અકાળા, તા.લાઠી જિ.અમરેલી મો.૯૦૮૧૦૮૯૫૧૫

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
મુ.અકાળા, તા.લાઠી, જિ.અમરેલી

**જાહેર નોટીસ**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.અકાળા ગામના રહીશ આ કામના અરજદારશ્રી હેલૈયા હરજીભાઈ માવજીભાઈનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૪ ના રોજ અકાળા, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૭/૦૯/૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૬/૦૧/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**


# કોડીનાર નાગરિક સહકારી બેંકના ચેરમેન તરીકે ગીરીશભાઈ અધ્યારૂની વરણી



કોડીનાર, તા.૦૩

કોડીનાર નાગરિક સહકારી બેંકના ચેરમેન ચંદ્રકાંતભાઈ જાનીનું તાજેતરમાં અવસાન થતાં ચેરમેન તરીકેની ખાલી પડેલી જગ્યા માટે કોડીનાર નાગરિક બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠક મળી હતી. જેમાં કોડીનાર બ્રહ્મસમાજના અગ્રણી અને પીઢ અગ્રણી એડવોકેટ એવા ગીરીશભાઈ અધ્યારુની સર્વાનુમતે બિનહરીફ ચેરમેન તરીકે વરણી કરવામાં આવી હતી. છેલ્લા સાત દાયકા ઉપરાંતથી કોડીનાર નાગરિક સહકારી બેંકે ગ્રાહકોનો વિશ્વાસ સંપાદન કર્યો છે અને તાજેતરમાં જ ડોળાસા મુકામે નવી બ્રાન્ચ નાગરિક બેંક દ્વારા ચાલુ કરવામાં આવી છે. બેંકના મેનેજર બીપીનભાઈ જાનીએ નવનિયુક્ત ચેરમેન ગીરીશભાઈનું સન્માન કર્યું હતું.

# શરીરને પોતાની પ્રકૃતિ હોય છે, જે આરોગ્ય અને સ્વભાવને અસર કરે છે : થર્સ-ડે થોટ

**હીરા ઉદ્યોગના અગ્રણી સંજયભાઈ મોહનભાઈ કેવડીયાની ઉપસ્થિતિ**




સુરત, તા.૦૩

વરાછા બેંક ઓડીટોરીયમમાં યોજાયેલા ૯૨મા થર્સ-ડે થોટ કાર્યક્રમમાં કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે દરેક શરીરને પોતાની પ્રકૃતિ હોય છે જે આરોગ્ય અને સ્વભાવને અસર કરે છે. મનુસ્મૃતિમાં દર્શાવેલ વર્ણ વ્યવસ્થાનો મૂળ આધાર માણસની પ્રકૃતિ છે. આયુર્વેદમાં એમ. ડી ગોલ્ડ મેડાલીસ્ટ અને વર્ષોથી આયુર્વેદની પ્રેક્ટિસ કરતા ડો. દેવાંગી જોગલે કહ્યું વાત-પિત અને કફ એ માનવ શરીરની ત્રણ પ્રકૃતિ છે. વાપી બાંધકામ ઉદ્યોગ સાથે સંકળાયેલા વ્રજ કન્સ્ટ્રકશનના સુધીરભાઈ એલ. સાવલીયા તથા હોંગકોંગથી હીરા ઉદ્યોગના અગ્રણી સંજયભાઈ મોહનભાઈ કેવડીયા સજોડે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.


**-:: જાહેર નોટીસ ::-**

આથી હું નીચે સહી કરનાર આર. સી. દવે, એડવોકેટ એન્ડ નોટરી, રહે. લાઠીના, લાગતા-વળગતા સર્વેને જાહેર નોટીસથી જાણ કરીએ છીએ કે,

અમારા અસીલ શ્રી લલીતભાઈ કનુભાઈ ભાદાણી, શ્રી ભરતભાઈ કનુભાઈ ભાદાણી અને શ્રી ગણપતભાઈ કનુભાઈ ભાદાણી ત્રણેય અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ભીંગરાડ ગામે વસવાટ કરે છે અને તેઓ નીચે મુજબ જમીનો ધરાવે છે.

| ખાતા નં. | જમીન ધારકનું નામ | રે.સ.નં. | ક્ષેત્રફળ(હે.આરે ચો.મી) |
|---|---|---|---|
| ૨૮૧ | લલીતભાઈ કનુભાઈ ભાદાણી | ૧૩૭ | ૨-૦૨-૭૭ |
| ૨૯૮ | ભરતભાઈ કનુભાઈ ભાદાણી | ૧૩૯ | ૨-૦૫-૪૫ |
| ૨૯૯ | ગણપતભાઈ કનુભાઈ ભાદાણી | ૧૩૮ | ૨-૦૬-૮૨ |

ઉપરોકત જમીનો વારસાઈ ધોરણે હક્કપત્રકની નોંધ નં.૧૧૪૬ થી અમારા અસીલોના ખાતે આવેલ છે. આ જમીનનો ત્યારથી તેઓ સ્વતંત્ર કબ્જો અને ભોગવટો ધરાવે છે. તેમાં કોઈના લાગ-ભાગ, હક્ક-હિસ્સા નથી. સદરહું જમીન સેવા સહકારી મંડળી, ભીંગરાડ સિવાયના બોજા મુકત છે અને કોઈપણ રીતે તેમા હક્ક-હિત ઉભુ કરેલ નથી કે કોઈને ટ્રાન્સફર કે બાનાખત સંબંધે કોઈ લખાણ કરી આપેલ નથી. તેઓ આ જમીનનો સ્વતંત્ર કબ્જો ધરાવે છે.

ઉપરોકત ત્રણેય ભાઈઓએ આ જમીન ટાઈટલ કલીયર છે, તે માટે અમારી પાસે સદરહું જમીનોનું ટાઈટલ કલીયર સર્ટીફીકેટ માંગેલ છે. તેથી આ જાહેર નોટીસ આપી તમામ આમ જનતાને જણાવવાનું કે, મોજે ભીંગરાડ, તાલુકો-લાઠી, જી.અમરેલી ખાતે આવેલ ઉપરોકત જમીનમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાંકિય સંસ્થા જેવી કે સેવા સહકારી મંડળી, ભીંગરાડ સિવાયની કોઈપણ સરકારી કે અર્ધ સરકારી સંસ્થાનું હિત સમાયેલ હોય કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યક્તિનો લાગ-ભાગ, હક્ક-હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭માં સંપૂર્ણ લેખીત આધાર-પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી.પોસ્ટ એ.ડી. કે કુરીયર એ.ડી. થી અમારી સમક્ષ રજુ કરવા. અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા(વેઈવ) કરેલ છે, તેમ માની અમારા અસીલોને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈશ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા-વળગતા સર્વેએ નોંધ લેવી.

**આર.સી.દવે**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**મો.૯૪૨૬૯૩૪૩૩૫**



**મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૯૦/૨૦૨૪ — તા.૩૧/૧૨/૨૦૨૪

વિવાદી :- શ્રી જાલાભાઈ લાખાભાઈ જોગરાણા
રહે.આસોદર, તા.લાઠી જી.અમરેલી
C/O એચ.કે.પઢારીયા, મું.લાઠી મો.૯૮૨૪૨૬૯૯૫૧

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી:- જન્મ -મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
મુ.આસોદર, તા.લાઠી, જિ.અમરેલી

**જાહેર નોટીસ**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.આસોદર ગામે આ કામના અરજદારશ્રીના પુત્ર રૂપેશ જાલાભાઈ જોગરાણાનો જન્મ તા.૨૪/૧૦/૨૦૧૧ ના રોજ આસોદર, તા. લાઠી, જિ. અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/ જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૬/૧૨/૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૫/૨/૨૦૨૫ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**



**મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૯૧/૨૦૨૪ — તા.૩૧/૧૨/૨૦૨૪

વિવાદી :- શ્રી કાજલબેન વિનુભાઈ લશ્કરી W/O મુકેશભાઈ રામાવત
રહે.હાથીગઢ, તા.લાઠી જી.અમરેલી મો.૯૯૨૫૭૦૬૫૭
C/O એચ.કે.પઢારીયા, મું.લાઠી મો.૯૮૨૪૨૬૯૯૫૧

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી:- જન્મ -મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
મુ.રામપર, તા.લાઠી, જિ.અમરેલી

**જાહેર નોટીસ**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.રામપર ગામે આ કામના અરજદારશ્રી કાજલબેન વિનુભાઈ લશ્કરીનો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૯ ના રોજ રામપર, તા. લાઠી, જિ. અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/ જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૬/૧૨/૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૫/૨/૨૦૨૫ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

# સંભલ પોલીસ ચોકીની જમીન વક્ફ બોર્ડની હોવાનો દાવો કરાતા પોલીસ ફરિયાદ

(એચ.એસ.એલ),સંભલ,તા.૦૩

સંભલમાં એક પછી એક અનેક રહસ્યો બહાર આવી રહ્યા છે. જમીનની નીચેથી અકાટ્ય પુરાવા મળી રહ્યા છે. એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે જામા મસ્જિદના સર્વે દરમિયાન મંદિરના પુરાવા પણ મળ્યા છે. હાલમાં જામા મસ્જિદની સામે પોલીસ ચોકી બનાવવામાં આવી રહી છે, પરંતુ તે પહેલા જ પોલીસ સ્ટેશન અંગે ખોટા દાવા કરનારાઓ સામે સંભલ પોલીસે



કડક કાર્યવાહી હાથ ધરી છે. સંભલ પોલીસે બનાવટી વકફ દસ્તાવેજોના મામલામાં એફઆઈઆર નોંધી છે. વાસ્તવમાં સંભલમાં જામા મસ્જિદની સામે આવેલી પોલીસ ચોકીની જમીન વકફ મિલકત હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. સંભલ પ્રશાસને ત્રણ સભ્યોની ટીમ દ્વારા મામલાની તપાસ કરાવી હતી. તપાસ દરમિયાન પોલીસ ચોકીની જમીન વકફ મિલકત હોવાનો દાવો નકલી જાહેર કરાયો હતો. આ પછી વહીવટી તંત્રની ફરિયાદ બાદ સંભલ પોલીસે અજાણ્યા લોકો સામે કેસ નોંધ્યો છે. આ દરમિયાન પોલીસ ચોકીના નિર્માણને લઈને સંભલના ડીએમનું નિવેદન પણ સામે આવ્યું છે. ડીએમએ કહ્યું છે કે જે મિલકત પર પોલીસ સ્ટેશન બની રહ્યું છે તે વકફ જમીન નથી. આને લગતા બતાવેલા દસ્તાવેજો સંપૂર્ણપણે નકલી છે.

# ભારત સાથેના સંબંધો સુધારવામાં યોગ્ય વાતાવરણની જરૂર : પાક.વિદેશ મંત્રી

ઈસ્લામાબાદ,તા.૦૩

ભારત સાથેના સંબંધો સુધારવા માટે પાકિસ્તાને ફરી જૂનો પોકાર કર્યો છે. પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડારે કહ્યું કે સંબંધો સુધારવા માટે બે લોકોની જરૂર પડે છે. આ એકતરફી ન હોઈ શકે. તેમણે કહ્યું કે ભારત સાથેના સંબંધો સુધારવામાં મદદરૂપ થાય તેવું વાતાવરણ ઊભું કરવું જોઈએ. તેમણે કહ્યું કે સરકાર પરમાણુ ઉર્જા દ્વારા પાકિસ્તાનને આર્થિક શક્તિ બનાવવાના પ્રયાસો



કરી રહી છે. આર્થિક સ્થિરતા અને દ્વિપક્ષીય સંબંધો સુધારવાના પ્રયાસો ચાલુ છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનું બે વર્ષ માટે કામચલાઉ સભ્યપદ મેળવવું એ આ પ્રયાસોનો એક ભાગ છે. ૨૦૧૯ માં, જમ્મુ અને કાશ્મીરના પુલવામામાં ભારતીય સેનાના કાફલા પર હુમલા પછી, ભારતીય યુદ્ધ વિમાનોએ પાકિસ્તાનના બાલાકોટમાં આતંકવાદી તાલીમ કેમ્પ પર હુમલો કર્યો. જે બાદ સંબંધોમાં વધુ તણાવ જોવા મળ્યો હતો. ત્યારબાદ, ભારતે ૫ ઓગસ્ટ, ૨૦૧૯ ના રોજ જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ નાબૂદ કરી. જેના કારણે સંબંધો વધુ બગડ્યા. ભારત સ્પષ્ટપણે કહે છે કે તે પાકિસ્તાન સાથે સામાન્ય પડોશી સંબંધો ઈચ્છે છે. પરંતુ આ માટે ઈસ્લામાબાદને આતંકવાદ અને દુશ્મનાવટથી મુક્ત વાતાવરણ બનાવવાની જરૂર છે. ૧૫ અને ૧૬ ઓક્ટોબરે વિદેશ મંત્રી એસ જયશંકર એસસીઓ કોન્ફરન્સમાં ભાગ લેવા માટે પાકિસ્તાન ગયા હતા. નવ વર્ષ બાદ કોઈ ભારતીય વિદેશ મંત્રીની પાકિસ્તાનની આ પ્રથમ મુલાકાત હતી.

# દિલ્હી વિધાનસભા ચૂંટણીની તારીખો ૭-૮ જાન્યુઆરીએ જાહેર થવાની શક્યતા


નવીદિલ્હી,તા.૦૩

દિલ્હી વિધાનસભા ચૂંટણીની તારીખો ૭-૮ જાન્યુઆરીએ જાહેર થઈ શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ચૂંટણી પંચ આમાંથી કોઈપણ દિવસે ડેટ શીટ જાહેર કરી શકે છે. દિલ્હીમાં સત્તારૂઢ આમ આદમી પાર્ટીએ તમામ ૭૦ બેઠકો માટે તેના ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. તે જ સમયે, કોંગ્રેસે પણ બે યાદીઓ બહાર પાડી છે અને તેના કેટલાક ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે, પરંતુ ભાજપે હજુ સુધી એક પણ બેઠક પર તેના ઉમેદવારો ઉભા કર્યા નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ દરમિયાન એવા સમાચાર પણ છે કે દિલ્હી બીજેપી અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવા વિધાનસભા ચૂંટણી નહીં લડે. તેમણે હાઈકમાન્ડને કહ્યું કે તેઓ ૭૦ બેઠકો પર પાર્ટીના ઉમેદવારોની જીત સુનિશ્ચિત કરવા માટે કામ કરશે. પાર્ટી હાઈકમાન્ડે વીરેન્દ્ર સચદેવાને ચૂંટણી નહીં લડવા માટે સંમતિ આપી હતી. વાસ્તવમાં, અગાઉ ચર્ચા હતી કે આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ બંને સાથે મળીને ચૂંટણી લડશે.

# વિશ્વનાં સૌથી મોટા ધાર્મિક કાર્યક્રમ મહાકુંભ-૨૦૨૫નું કાઉન્ટડાઉન શરૂ

પ્રયાગરાજ,તા.૦૩

૨૦૨૫ની શરૂઆત સાથે જ પ્રયાગરાજમાં યોજાનાર વિશ્વના સૌથી મોટા ધાર્મિક કાર્યક્રમ મહાકુંભનું કાઉન્ટડાઉન પણ શરૂ થઈ ગયું છે. ૧૩મી જાન્યુઆરીથી મહાકુંભનો પ્રારંભ થવા જઈ રહ્યો છે અને વિવિધ અખાડાઓની ભવ્ય પેશવાઈ પણ શરૂ થઈ ગઈ છે. તીર્થરાજ પ્રયાગરાજમાં ઋષિ-મુનિઓએ પડાવ નાખ્યા પછી, આસ્થાની સંગમ નગરી તેની આધ્યાત્મિક ટોચ પર છે. આ સાથે સંતો તેમજ હરિભક્તો માટે ભોજન, ભંડારા



વગેરેની વ્યવસ્થા પણ શરૂ થઈ ગઈ છે. ભંડારાના આયોજનની સાથે અખાડાઓમાં પણ અનેક અનોખી વ્યવસ્થાઓ જોવા મળી રહી છે. અખાડાના છાવણીમાં, કતારમાં બેઠેલા લોકોને ભોજન પીરસનારા સેવકો હાથમાં ડોલ પકડીને ભોજનના નામ બોલાવતા જોવા મળશે જે કદાચ તમે પહેલા ક્યારેય સાંભળ્યા ન હોય. ધ્યાનથી સાંભળશો તો લાગશે કે અહીં બધું જ અદ્ભુત બની ગયું છે. આ સ્ટોર્સમાં પુરી રામ, દલ રામ કે લંકા રામ જેવા નામો સાંભળવા મળે છે. પાણી માટે પાણી રામ કે પાતાળ મેવા જેવા શબ્દો ખૂબ જ અનોખા છે. મહાકુંભમાં લાખો લોકોને આ અનોખા નામોની વાનગીઓ પીરસવામાં આવી રહી છે.

# અમેરિકામાં અદાણી ગ્રુપ અને અન્યો સામે લાંચના આરોપોમાં સુનાવણીનો આદેશ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૦૩

ન્યૂયોર્કની એક અદાલતે ત્રણેય કેસની સાથે સાથે બે ચાલુ કેસો અને યુએસ ૨૬૫ મિલિયનની લાંચ લેવાનો આરોપ લગાવતા અન્ય કેસની એક સાથે સુનાવણી કરવાનો આદેશ આપ્યો છે. કોર્ટે આપેલા આદેશમાં કહેવામાં આવ્યું હતું કે ત્રણેય કેસની સુનાવણી એક જ કોર્ટમાં એકસાથે કરવામાં આવે. કોર્ટે આ નિર્ણય ત્યારે આપ્યો જ્યારે કોર્ટને જાણવા મળ્યું કે ત્રણેય કેસ સમાન આરોપો અને વ્યવહારો સાથે સંબંધિત છે. બાદમાં ત્રણેય કેસ એક જ કોર્ટને સોંપવામાં આવ્યા હતા. આ કેસો સિંગલ જજ સમક્ષ મૂકવામાં આવ્યા છે જેથી કરીને કોઈપણ પ્રકારના સંઘર્ષને ટાળી શકાય. અદાણી ગ્રુપ સામે લાંચના આરોપો સંબંધિત સિવિલ અને ફોજદારી કેસ યુએસ ડિસ્ટ્રિક્ટ જજ ગરોફિસને સોંપવામાં આવ્યો છે. આ કેસની સુનાવણી એકસાથે થશે પરંતુ અલગ રહેશે. આનો સીધો મતલબ એ છે કે સિવિલ અને ફોજદારી કેસોની સુનાવણી કર્યા પછી તે જ કોર્ટ આદેશ જારી કરશે.

# ઈઝરાયેલની સેનાનો ગાઝા પટ્ટીમાં હમાસ પર મોટો હુમલો : ૨૬ લોકોના મોત થયા

દેરઅલ-બાલાહ,તા.૦૩

ઈઝરાયેલની સેનાએ ગાઝા પટ્ટીમાં હમાસ પર વધુ એક મોટો હુમલો કર્યો છે. આ હુમલામાં ઓછામાં ઓછા ૨૬ લોકો માર્યા ગયા છે. હમાસે કહ્યું કે આ હુમલો તેના સુરક્ષા અધિકારીઓ અને ઈઝરાયેલ દ્વારા જાહેર કરાયેલ માનવતાવાદી ઝોનને નિશાન બનાવ્યો હતો. ઈઝરાયેલના આ હવાઈ હુમલામાં ગાઝા પટ્ટીમાં ઓછામાં ઓછા ૨૬ લોકો માર્યા ગયા હતા. દરેક લોકો ઠંડીથી તેમના તંબુઓમાં આશરો લઈ



રહ્યા હતા અને અચાનક અમે જોયું કે વિશ્વ ઊંધુંચત્તુ થઈ ગયું, ઝિયાદ અબુ જબાલે કહ્યું, જેઓ મુવાસીના દરિયાકાંઠાના માનવતાવાદી ક્ષેત્ર પરના હુમલા પછી ગાઝા શહેરમાંથી વિસ્થાપિત થયા હતા. ત્યાં વહેલી સવારે થયેલા હુમલામાં ઓછામાં ઓછા ૧૦ લોકો માર્યા ગયા હતા. આ પછી પણ હુમલા ચાલુ રહ્યા. આ રીતે દિવસભરમાં ઓછામાં ઓછા ૨૬ લોકો માર્યા ગયા. આ પહેલા ગુરુવારે સવારે ઈઝરાયેલની સેનાએ હમાસના આતંકી હોસમ શાહવાનને પણ હવાઈ હુમલામાં ઠાર માર્યો હતો. ઈઝરાયેલે કહ્યું કે તેણે ગુપ્તચર માહિતી આધારિત હડતાળમાં દક્ષિણ ગાઝામાં હમાસના આંતરિક સુરક્ષા દળોના વડા આતંકવાદી હોસમ શાહવાનને મારી નાખ્યો.

# બિહારમાં રેલવે ટ્રેક પર પબજી ગેમ રમતા ત્રણ કિશોરોનાં ટ્રેનની અડફેટે કરૂણ મોત

(એચ.એસ.એલ),પટણા,તા.૦૩

બિહારના બેતિયા જિલ્લાના મુફસિલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુરુવારે એક દુઃખદ ઘટના પ્રકાશમાં આવી હતી, જેમાં પબજી ગેમ રમતી વખતે ટ્રેનની અડફેટે આવી જતાં ત્રણ કિશોરોના મોત થયા હતા. આ અકસ્માત નરકટિયાગંજ-મુઝફ્ફરપુર રેલવે સેક્શન પાસે થયો હતો. મૃતકોમાં મોહમ્મદ અલીનો પુત્ર ફુરકાન આલમ, મોહમ્મદ



ટુનતુનનો પુત્ર સમીર આલમ અને હબીબુલ્લાહ અંસારીનો સમાવેશ થાય છે. ઘટના સમયે, ત્રણેય કિશોરો રેલવે ટ્રેક પર બેસીને પબજી રમતા હતા અને તેમના કાનમાં ઈયરફોન હતા. જેના કારણે તેઓ ટ્રેનનો અવાજ સાંભળી શક્યા ન હતા. મુઝફ્ફરપુરથી નરકટિયાગંજ જઈ રહેલી ડેમુ પેસેન્જર ટ્રેને અચાનક આવીને ત્રણેયને ટક્કર મારી હતી. અકસ્માતને પગલે ઘટનાસ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. સદર એસડીપીઓ વિવેક દીપ અને આરપીએફની ટીમ ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે. પરિજનો મૃતદેહને ઘરે લઈ ગયા, જ્યારે પોલીસે ઘણી મહેનત બાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા.

# ચીનમાં ફરી કોરોના જેવા ખતરનાક વાયરસની એન્ટ્રી? હોસ્પિટલમાં દર્દીઓનો ધસારો

બીજીંગ,તા.૦૩

ચીનમાં કોરોના વાયરસના કારણે થયેલી તબાહીને આ દેશ ભાગ્યે જ ભૂલી શકશે ત્યારે ચીનમાં અન્ય એક ખતરનાક વાયરસે દસ્તક આપી દીધી છે. દરેક જગ્યાએ દર્દીઓનો પ્રવાહ છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે ચીનમાં લોકો હ્યુમન મેટાપ્યુમોવાયરસ અને અન્ય ઘણા ખતરનાક વાયરસનો શિકાર બની રહ્યા છે. જે વાયરસથી મોટાભાગના લોકો બીમાર પડી રહ્યા છે તેમાં ઈન્ફ્લુએન્ઝા છ અને માયકોપ્લાઝમા જેવા વાયરસનો સમાવેશ થાય છે. એચએમવીપી એક




વાયરસ છે જે સામાન્ય રીતે શરદી જેવા લક્ષણોનું કારણ બને છે. આ વાયરસ નાના બાળકો, વૃદ્ધો અને નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકોને સૌથી વધુ અસર કરી રહ્યો છે. અને તેના કારણે આ લોકો ગંભીર રીતે બીમાર થઈ રહ્યા છે.

# દિલ્હી બીજેપી અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવા વિધાનસભા ચૂંટણી નહીં લડે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૦૩

ફેબ્રુઆરીમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી (દિલ્હી વિધાનસભા ચૂંટણી ૨૦૨૫)ને લઈને દિલ્હીમાં ભારે ઉત્તેજના છે. દરેક પક્ષો પહેલેથી જ જીત માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. આ દરમિયાન સમાચાર સામે આવ્યા છે કે દિલ્હી બીજેપી અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવા વિધાનસભા ચૂંટણી નહીં લડે. તેમણે કહ્યું કે દિલ્હીની તમામ ૭૦ સીટો અમારી છે. તેથી માની શકાય છે કે તે તમામ બેઠકો પર ચૂંટણી લડશે. ચૂંટણી લડવાને બદલે સચદેવા તમામ ૭૦ બેઠકો પર ઉમેદવારોની જીત માટે કામ કરશે. થોડા દિવસો પહેલા તેઓ ચૂંટણીને લઈને ગૃહમંત્રી અમિત શાહને પણ મળ્યા હતા. વીરેન્દ્ર સચદેવા કહે છે કે તેઓ દિલ્હી ભાજપના પ્રદેશ અધ્યક્ષ છે. અગાઉ પાર્ટીએ તેમને સાત સાંસદોને જીતાડવાની જવાબદારી સોંપી હતી. પાર્ટીએ તમામ બેઠકો જીતવી પડશે.

# કેલિફોર્નિયામાં છત પર વિમાન અથડાતા બેનાં મોત, ૧૮ ઘાયલ

કેલિફોર્નિયા,તા.૦૩

સાઉથ કોરિયા અને કઝાકિસ્તાન બાદ હવે કેલિફોર્નિયામાં પણ પ્લેન એક્સિડન્ટ થયો છે. આ અકસ્માત એક મોટા વેરહાઉસની છત પર થયો હતો. આ વિમાન દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૨ લોકોના મોત થયા છે. જ્યારે ૧૮ લોકો ઘાયલ થયા છે. આ અકસ્માતમાં ૧૦૦થી વધુ લોકોને બચાવી લેવાયા છે. ઘટનાસ્થળે રાહત અને બચાવ




કાર્ય ચાલી રહ્યું છે. જણાવવામાં આવી રહ્યું છે કે આ દુર્ઘટના કેલિફોર્નિયાના ફુલર્ટન એરપોર્ટ પાસે થઈ હતી. અહીં એક નાનું વિમાન મોટા વેરહાઉસની છત સાથે અથડાયું હતું.

# બોલિવૂડ અભિનેત્રી કૃતિ સેનનને તેના બોયફ્રેન્ડ સાથે છેતરપિંડી કરી હોવાનો આક્ષેપ

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૦૩

બોલિવૂડ એક્ટ્રેસ કૃતિ સેનન ફરી એકવાર પોતાની પર્સનલ લાઈફને લઈને ચર્ચામાં છે. આદિપુરુષ ફેમ અભિનેત્રીના પોડકાસ્ટની એક ક્લિપ ઈન્ટરનેટ પર વાયરલ થઈ છે જેમાં તે તેના અંગત જીવન વિશે કહી રહી છે કે જો કોઈએ તેની સાથે ખોટું કર્યું છે તો તે તેને બીજી તક આપવા સક્ષમ નથી. એક્ટ્રેસના આ ઈન્ટરવ્યુના વીડિયો પર એક યુઝરે કરેલી કોમેન્ટ ઈન્ટરનેટ પર વાયરલ થઈ ગઈ



છે. આ સોશિયલ મીડિયા યુઝર અભિનેત્રીનો કોલેજ મેટ હોવાનો દાવો કરી રહ્યો છે. સોશિયલ મીડિયા યુઝરે કોમેન્ટમાં લખ્યું, "કૃતિ મારી કોલેજ, જેપી યુનિવર્સિટીની છે અને તેનો એક ખૂબ જ અમીર બોયફ્રેન્ડ પણ હતો. તે એક જ બોયફ્રેન્ડના પૈસા પર નિર્ભર હતી અને તે વ્યક્તિએ અભિનેત્રીને મુંબઈ શિફ્ટ થવામાં પણ મદદ કરી હતી. બંને સાથે રહેતા હતા, પરંતુ પહેલી ફિલ્મ મળ્યા પછી, તેમની (ક્રિતી) વર્તણૂક નાટકીય રીતે બદલાઈ ગઈ, અને લગભગ ૬ મહિના પછી, કૃતિ સેનન તેની સાથે છેતરપિંડી કરવા લાગી." કૃતિ સેનનના આ પોડકાસ્ટ પર, યુઝરે આગળ લખ્યું, "છેતરપિંડી થયા પછી તે સંપૂર્ણપણે તૂટી ગયો હતો, તે ગીક્સ ફોર ગીક્સના મેનેજરનો સારો મિત્ર હતો. હું પણ આ બધું જાણું છું કારણ કે મેં તે મેનેજર હેઠળ કામ કર્યું છે. તે મેનેજર, તે વ્યક્તિ, અને હું બધા એક જ કોલેજમાં ભણ્યા હતા, જોકે અમારી બધી બેચ અલગ હતી." આ ક્લિપ પર ઘણા લોકોએ પોતાની પ્રતિક્રિયા આપી છે. જ્યાં એક તરફ લોકો આ વાત પર વિશ્વાસ નથી કરી રહ્યા તો બીજી તરફ કૃતિ સેનનના ફેન્સ સમર્થનમાં આગળ આવ્યા છે.

# પાંચમી ટેસ્ટમાં પ્રથમ દિવસે ભારતીય ટીમની પહેલી ઈનિંગ ૧૮૫ રનમાં જ સમેટાઈ

(એચ.એસ.એલ),સિડની,તા.૦૩

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે આજથી સિડની ખાતે બોર્ડર ગાવસ્કર ટ્રોફીની અંતિમ અને પાંચમી ટેસ્ટ મેચ શરૂ થઈ. ભારતીય ટીમે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ભારતીય ટીમની પહેલી ઈનિંગ ૧૮૫ રનમાં જ સમેટાઈ ગઈ. જો કે આજે પ્રથમ દિવસની રમત પૂરી થઈ ત્યાં સુધીમાં ઓસ્ટ્રેલિયાની પણ એક વિકેટ પડી ગઈ હતી. ઓસ્ટ્રેલિયાએ એક વિકેટ ગુમાવીને ૯ રન કર્યા છે. આ સિરીઝમાં ઓસ્ટ્રેલિયા ૨-૧થી આગળ છે. મેચમાં ભારતીય ટીમની કેપ્ટન્સી રોહિત શર્માની જગ્યાએ જસપ્રીત બુમરાહ કરી રહ્યો છે.



ટોસ જીતીને બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત ખુબ જ નબળી રહી. ધડાધડ વિકેટો પડતી ગઈ. જો કે પ્રથમ ઈનિંગમાં સૌથી વધુ રન ઋષભ પંતે (૪૦) કર્યા. જ્યારે કેપ્ટન જસપ્રીત બુમરાહે પણ ૧૭ બોલમાં ૨૨ રન કર્યા. જેમાં ૩ ચોગ્ગા અને એક છગ્ગો સામેલ છે. આ સિવાય વિરાટ કોહલી ૬૯ બોલમાં ૧૭ રન, શુભમન ગિલ ૬૪ બોલમાં ૨૦ રન, રવિન્દ્ર જાડેજા ૯૫ બોલમાં ૨૬ રન, જ્યારે નીતિશ રેડ્ડી શૂન્ય રને, કે એલ રાહુલ ૪ રન, પ્રસિદ્ધ ક્રિષ્ણાએ ૩ રન કર્યા જ્યારે સિરાજ ૩ રન સાથે અણનમ રહ્યો હતો. ઓસ્ટ્રેલિયા તરફથી સૌથી વધુ વિકેટ સ્કોટ બોલેન્ડે ૪ વિકેટ લીધી. જ્યારે મિચેલ સ્ટાર્કે ૩ વિકેટ, પેટ કમિન્સે ૨ અને નથાન લિયોને ૧ વિકેટ લીધી હતી. આમ ભારતની પ્રથમ ઈનિંગ ૭૨.૨ ઓવરોમાં ૧૮૫ રનમાં સમેટાઈ ગઈ હતી.

## આખરે પીડિતાને ન્યાય મળતા જિલ્લાભરમાં ખુશીનો માહોલ

# અમરેલી લેટરકાંડ મામલે પીડિતાના જામીન મંજૂર

**રૂા.૧૫ હજારના જામીન પર સેશન્સ કોર્ટે જામીન આપ્યા**



અમરેલી,તા.૦૩

અમરેલીના ચર્ચાસ્પદ લેટરકાંડ મામલામાં કોર્ટે પાયલ ગોટીના જામીન મંજૂર કર્યા હતા. જેને પગલે પાટીદાર સમાજમાં ખુશીનો માહોલ છવાયો હતો. અમરેલીના આ બહુચર્ચિત લેટરકાંડમાં પાયલ ગોટીની પોલીસે ધરપકડ કરી હતી. અમરેલીમાં તાલુકા પંચાયત પ્રમુખ કિશોર કાનપરીયાના નામવાળો નકલી લેટરપેડ સોશિયલ મીડિયામાં વાઈરલ કરવાના મામલે કાનપરીયાએ પોલીસમાં ફરિયાદ કરી હતી. જે કેસમાં પોલીસે ભાજપના પૂર્વ હોદ્દેદાર અને એક યુવતી સહિત ૪ કાર્યકરોની ધરપકડ કરી હતી. આ અંગે ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા પીડિતા સામેનો કેસ પરત ખેંચવા બેઠકો પણ યોજાઈ હતી અને સમાધાન પણ થયું હતું. ત્યારબાદ આજે કોર્ટમાં આ કેસ અંગે જામીન અરજી પર સુનાવણી થતાં કોર્ટે ૧૫ હજારના જામીન પર જામીન મંજૂર કર્યા છે. જામીન મળતા પાયલબેન ગોટીને આવકારવા મોટી સંખ્યામાં આગેવાનો અને સામાજીક લોકો જેલ ખાતે પહોંચ્યા હતા. પાટીદાર સમાજ સહિત તમામ સમાજના લોકોએ ખુશી વ્યક્ત કરી હતી.

# સાડા ત્રણ વર્ષની બાળકી માટે આઈસરનું સ્પેરવ્હીલ બન્યું કાળ

(એચ.એસ.એલ),ડાકોર,તા.૦૩

ખેડાના નડિયાદ-ડાકોર રોડ પર સલુણ પાસે અકસ્માત સર્જાયો હતો. મૂળ મધ્યપ્રદેશના શ્રમિક પરિવારની બાળકી હાઈવેની સાઈડમાં રમી રહી હતી. આ સમયે આઈશરનું સ્પેરવ્હીલ પાછળ ટ્રોલીમાંથી ઉછળીને અચાનક બાળકી પર પડયું હતું. સ્પેરવ્હીલ ઉછળીને બાળકી પર પડતા ત્રણ વર્ષની બાળકીનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું.






# આજે રાજકોટમાં મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ખેલ મહાકુંભનો પ્રારંભ



(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૦૩

ખેલ મહાકુંભ ૩.૦નો ઉદ્દઘાટન સમારોહ તા.૦૪/૦૧/૨૦૨૫ના રોજ સાંજે ૫.૩૦ કલાકે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, એથ્લેટીક્સ ગ્રાઉન્ડ, રાજકોટ ખાતે યોજવામાં આવશે.

રમતગમત મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, રાજ્યમાં ખેલકૂદનું વાતાવરણ ઊભું થાય, પ્રતિભાશાળી ખેલાડીઓની ખોજ થાય તેમજ ખેલકૂદના માધ્યમથી સ્વાસ્થ્ય અંગેની જાગૃતિ આવે તેવા ઉદ્દેશ સાથે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૧૦માં ખેલ મહાકુંભની શરૂઆત કરવામાં આવી હતી.





